# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425






03 JANUARY, 2026 SATURDAY





પેજ 2 તેલીબિયાં પાકો અને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ મેળવી



પેજ 3 લુણાવાડામાં ચાઈનીઝ દોરી સાથે એક ઝડપાયો



પેજ 7 ડભોઈ મદદનીશ ખેતી નિયામકની કચેરી બની મોતના સમાન

પેજ 5 ભરૂચ ચોરીનો 4 વર્ષથી ફરાર આરોપી ઝડપાયો



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 288 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


ટ્રમ્પે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું : 'જો ઈરાનની સરકારે દેખાવકારો ઉપર ગોળી ચલાવી કે કોઈની હત્યા કરી તો અમેરિકા હસ્તક્ષેપ કરવા તૈયાર છે'

# અમારા દેશમાં અમેરિકાનો હસ્તક્ષેપ નહીં ચાલે : ખામનેઈ

### ઈરાનમાં ફુગાવાનો દર હાલમાં 50 ટકા છે. જનતાના ગુસ્સાને જોઈને, ઈરાની સરકાર પણ પાછળ પડી ગઈ છે



• તહેરાન

ઈરાનમાં ચાલી રહેલાં વ્યાપક આંદોલનને લીધે તો સમગ્ર જગત અચંબો પામી ગયું છે, આંચકો ખાઈ ગયું છે. તેવે સમયે અમેરિકાના પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે તેઓનાં સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશ્યલ પર જારી કરેલા એક સંદેશામાં સ્પષ્ટ કહ્યું હતું કે જો ઈરાની સરકારે દેખાવકારો ઉપર ગોળીઓ ચલાવી કે તેમની હત્યા કરી તો અમેરિકા હસ્તક્ષેપ કરવા પૂરી રીતે તૈયાર છે.

પ્રતિબંધોને કારણે, ઈરાનના ચલણ, રિયાલનું મૂલ્ય ઘટી ગયું છે. એક વર્ષ પહેલા લગભગ ૪00,000 રિયાલમાં ઉપલબ્ધ એક અમેરિકન ડોલર હવે લગભગ 1.5 મિલિયન રિયાલનો થઈ ગયો છે. ઈરાનમાં ફુગાવાનો દર હાલમાં 50 ટકા છે. જનતાના ગુસ્સાને જોઈને, ઈરાની સરકાર પણ પાછળ પડી ગઈ છે. ઈરાની સરકારે કહ્યું છે કે તે લોકોની ચિંતા કરે છે અને વિરોધીઓની વાત સાંભળી રહી છે.

ટ્રમ્પનાં આ નિવેદન અંગે ઈરાનના સર્વોચ્ચ નેતા અલ ખામેનીના વરીષ્ટ સલાહકારે કહ્યું હતું કે અમેરિકા હસ્તક્ષેપને લીધે સમગ્ર ક્ષેત્રમાં અવ્યવસ્થા ફેલાઈ જશે. જ્યારે ખામેનીએ તો કડક શબ્દોમાં ધમકી આપતાં કહ્યું હતું કે અમારી બાબતમાં જો તમે (ટ્રમ્પ) હસ્તક્ષેપ કરશો તો તબાહ થઈ જશો.

ઉલ્લેખનીય છે કે ઈરાનની તબાહ થઈ ગયેલી આર્થિક વ્યવસ્થા આક્રોશિત જનતા સડક ઉપર ઉતરી આવી છે. ગુરૂવારે તો સરકાર વિરોધી પ્રદર્શનો તો પ્રાંતોમાં ફેલાઈ ગયાં છે. દેખાવકારો અને પોલીસ વચ્ચે થયેલી ઝપાઝપીમાં ઓછામાં ઓછા સાત લોકો માર્યા ગયા હોવાનું બહાર આવ્યું છે. આમ છતાં સરકાર દેખાવકારો સામે કડક હાથે કામ લેવાના મૂડમાં છે તો સામે દેખાવકારો પણ તેટલા જ મક્કમ છે.

અત્યારે પાટનગર તહેરાનમાં આંદોલન મંદ પડયું છે. પરંતુ અન્ય સ્થળોએ તેમાં તેજી આવી છે. બુધવારે બે અને ગુરૂવારે પાંચ લોકોનાં મૃત્યુ જુદાં જુદાં શહેરોમાં પણ નોંધાયા છે. જે પણ શહેરોમાં આ આંદોલન ચાલે છે તેમાં લૂર જાતીય સમુદાઈની બહુમતી છે.

જો કે ૨૦૨૨ પછી ઈરાનમાં સૌથી પ્રચંડ પ્રદર્શનો થયાં છે. ૨૦૨૨માં ૨૨ વર્ષનાં મહસા અમીનીનાં પોલીસ કસ્ટડીમાં થયેલાં મૃત્યુ પછી સૌથી મોટા દેખાવો બની રહ્યા છે.

આર્થિક અંધાધૂંધી સામે આ વખતે દેખાવો યોજાયા તેમાં સૌથી ગંભીર દેખાવો લોરેસ્ટાન પ્રાંતનાં અજના શહેરમાં થયાં છે.અર્ધ સરકારી સમાચાર એજન્સી ફોર્સે વધુ ૩ લોકો માર્યા ગયા હોવાના સમાવેશ આવ્યા છે. સુધાર સમર્થક મીડીયા સહિત અન્ય મીડીયાએ પણ આ પ્રમાણે જણાવ્યું હતું.

વિવિધ શહેરોમાં 20 લોકોની ધરપકડ કરવામાં આવી છે. ઈરાનમાં વિરોધ પ્રદર્શનોની શ્રેણી રાજધાની તેહરાનમાં શરૂ થઈ. શરૂઆતમાં, તેહરાનના વેપારીઓએ બગડતી વ્યાપારી સ્થિતિ સામે વિરોધ કૂચ યોજી હતી. ત્યારબાદ, તેહરાન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ વેપારીઓના વિરોધમાં જોડાયા. ત્યારબાદ આ આંદોલન અન્ય શહેરોમાં ફેલાઈ ગયું, અને હવે વિરોધીઓ ઈરાનમાં રસ્તા પર ઉતરી આવ્યા છે.

બલુચિસ્તાનના ટોચના નેતા મીર યારનો ભારતના વિદેશમંત્રીને પત્ર

## બલુચિસ્તાનમાં ચીન સેના તૈનાત કરશે, ભારતની મુશ્કેલી વધશે

• ઈસ્લામાબાદ

પાકિસ્તાનના કબજાવાળા બલુચિસ્તાનમાં ઉઠી રહેલો આઝાદીનો અવાજ દબાવવા માટે પાકિસ્તાન હવે ચીન સૈન્યની મદદ લેવા જઈ રહ્યું છે. એવા અહેવાલો છે કે પાકિસ્તાન ટૂંક સમયમાં બલુચિસ્તાનમાં ચીનના સૈનિકોને તૈનાત કરાવશે. પાકિસ્તાનનું આ પગલુ ભારત માટે પણ ખતરા સમાન માનવામાં આવે છે. આ ઉપરાંત પહેલાથી જ અત્યાચારોનો સામનો કરી રહેલા બલુચિસ્તાનના નાગરિકોની સ્થિતિ વધુ કફોડી બની શકે છે.

બલુચિસ્તાનના મોટા નેતા મીર યાર બલુચે ભારતના વિદેશમંત્રી એસ જયશંકરને પત્ર લખ્યો છે અને પાકિસ્તાનમાં ચીનના પગપેસારા અંગે ચેતવણી આપી હતી. આ પત્રમાં બલુચિસ્તાનના નેતાએ કહ્યું છે કે ચીન અને પાકિસ્તાન વચ્ચે વધી પહેલા સંબંધોને ભારતે ગંભીરતાથી લેવા જોઈએ. ચીન આગામી કેટલાક મહિનામાં જ બલુચિસ્તાનના વિસ્તારોમાં પોતાનું સૈન્ય તૈનાત કરવાની ફિરાકમાં છે તેનો ઉલ્લેખ પણ ભારતને લખેલા આ પત્રમાં બલુચિસ્તાનના નેતાએ કર્યો છે.



મીર યારે વિદેશમંત્રી એસ. જયશંકરને લખેલો આ પત્ર સોશિયલ મીડિયા પર પણ જાહેર કર્યો હતો. પત્રમાં તેમણે વધુમાં લખ્યું છે કે બલુચિસ્તાનના લોકો છેલ્લા ૭૯ વર્ષોથી પાકિસ્તાનના સરકારી કબજા, આતંકવાદ, માનવ અધિકારોનું ઘોર ઉલ્લંઘન સહિતના અનેક બોજ નીચે દબાયેલા છે. હવે સમય આવી ગયો છે કે વધી પહેલી આ બીમારીને મૂળમાંથી જ ખતમ કરી દેવામાં આવે. પત્રમાં મીર યાર બલૂચે વધુમાં કહ્યું હતું કે ચીન અને પાકિસ્તાન અને ચીન બહુ જ ઝડપથી પાકિસ્તાન ઈકોનોમિક કોરિડરના અંતિમ સ્ટેજ સુધી પહોંચવા આવ્યું છે. ટૂંક સમયમાં બલુચિસ્તાનના અનેક વિસ્તારોમાં ચીની સૈનિકોને તૈનાત કરવામાં આવી શકે છે.

## 'કંગાળ'પાકિસ્તાને ક્રૂડ ઓઈલ-ગેસનો ભંડાર મળ્યાનો દાવો કર્યો

• ઈસ્લામાબાદ

આર્થિક રીતે પાયમાલ થઈ રહેલા પાકિસ્તાન માટે કુદરતી સંસાધનોની આ શોધ સંજીવની સમાન સાબિત થઈ શકે છે. પાકિસ્તાની એજન્સીઓના જણાવ્યા અનુસાર, ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના કોહાટ જિલ્લાના નશપા બ્લોકમાં તેલ અને ગેસનો વિપુલ ભંડાર મળી આવ્યો છે.

પાકિસ્તાનની 'ઓઈલ એન્ડ ગેસ ડેવલપમેન્ટ કંપની લિમિટેડ'(OGDCL) દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આ નવી શોધાયેલી સાઈટ પરથી ઉત્પાદનની ક્ષમતા આશાસ્પદ છે. કંપનીના અંદાજ મુજબ, આ નવા ભંડારમાંથી દરરોજ અંદાજે 4100 બેરલ ક્રૂડ ઓઈલ મેળવી શકાશે, જે દેશની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવામાં મદદરૂપ થશે. ક્રૂડ ઓઈલની સાથે જ ગેસના ઉત્પાદનમાં પણ મોટો વધારો થવાની ધારણા છે, જેમાં દરરોજ 10.5 મિલિયન ક્યુબિક ફીટ ગેસનું ઉત્પાદન થઈ શકશે. આ જથ્થો પાકિસ્તાન માટે તેની આયાત નિર્ભરતા ઘટાડવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

પેટ્રોલિયમ સેક્ટરની હાઈ લેવલ મીટિંગમાં પીએમ શાહબાઝ શરીફે કહ્યું કે, 'સ્થાનિક સ્તરે આ શોધથી આપણું વિદેશી મુદ્રા ભંડાર મજબૂત થશે. ક્રૂડ ઓઈલ અને ગેસની આયાત પર અમારે જે જંગી ખર્ચ કરવો પડે છે તેમાં મોટો ઘટાડો થશે. સરકારનો લક્ષ્ય જૂન 2026 સુધીમાં 3.5 લાખ નવા ગેસ કનેક્શન પૂરા પાડવાનો છે.'

ડોનાલ્ડ ટ્રમ્પના વિચિત્ર આદેશ સામે આકરો રોષ ફેલાયો

## નાસાની 67 વર્ષ જૂની, 1,00,000 વોલ્યુમ ધરાવતી રિસર્ચ લાઈબ્રેરી કાયમ માટે બંધ

• મુંબઈ

અમેરિકાની અંતરિક્ષ સંશોધન સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન(નાસા) માટે ૨૦૨૬ના નૂતન વર્ષના આગમન સાથે જ ઘેરા ચિંતાજનક સમાચાર છે. ચિંતાજનક સમાચાર એ છે કે નાસાના ગોડાર્ડ સ્પેસ ફલાઈટ સેન્ટર(ગ્રીનબેલ્ટ-મેરીલેન્ડ)માં આવેલી સૌથી મોટી, સમૃદ્ધ, ૬૭ વર્ષ જૂની લાઈબ્રેરી આજે ૨, જાન્યુઆરીએ હંમેશા માટે બંધ કરી દેવામાં આવી છે.

નાસાની સ્થાપના સાથે જ એટલે કે છેક ૧૯૫૯માં શરૂ થયેલી આ વિશાળ લાઈબ્રેરી હંમેશા માટે બંધ કરવાનો આદેશ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આપ્યો છે. આ આદેશ ડોનાલ્ડ ટ્રમ્પની ભવિષ્યમાં વધુસારી અને વ્યવસ્થિત યોજનાના હિસ્સારૂપે આપવામાં આવ્યો છે.

જોકે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આ



આદેશથી નાસાની લાઈબ્રેરીમાં વર્ષોથી ફરજ બજાવતાં ટેકનિકલ સ્ટાફમાં , વિજ્ઞાનીઓમાં, સ્થાનિક રાજકીય નેતાઓમાં ભારે રોષ ફેલાયો છે. નાસાની આ લાઈબ્રેરી તેના ગોડાર્ડ સ્પેસ ફલાઈટ સેન્ટરના ૧,૨૭૦ એકરના વિશાળ પરિસરમાં ફેલાયેલી છે. લાઈબ્રેરીમાં કુલ ૧,૦૦,૦૦૦ વોલ્યુમ છે. ઉપરાંત આ લાઈબ્રેરીમાં નાસાના પહેલા અને આધુનિક હબલ સ્પેસ ટેલિસ્કોપની, વિશ્વના સૌથી આધુનિક જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ સહિત ઘણાં મહત્વનાં મિશન્સ વિશેની ટેકનિકલ માહિતી, ઐતિહાસિક સંશોધનની વિગતો, વૈજ્ઞાનિક ઉપકરણો વગેરેનો સંગ્રહ છે. ઉપરાંત, ૨૦૨૬ના માર્ચના અંત સુધીમાં તો આ લાઈબ્રેરીનાં કુલ ૧૩ બિલ્ડિંગ્ઝ અને સાયન્સ એન્ડ એન્જિનિયરિંગની ૧૦૦ લેબોરેટરીઝ પણ સદાય માટે બંધ થઈ જશે. ડોનાલ્ડ ટ્રમ્પના આ ચોંકાવનારા આદેશથી ગોડાર્ડ સ્પેસ ફલાઈટ સેન્ટરના વિજ્ઞાનીઓ, એન્જિનિયરો, ટેકનિશિયનોના એસોસિયેશને એક નિવેદનમાં ભારે રોષ વ્યક્ત કરીને કહ્યું છે કે અમારી લાઈબ્રેરીમાંથી વિજ્ઞાનના આધુનિક ઉપકરણો અને અવકાશયાનોની ડિઝાઈનનું પરીક્ષણ કરવા માટેનાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો બહાર લઈ જઈને રીતસર ફેંકી દેવાયાં છે.

## ચીનમાં ઘટતી વસ્તીને કાબૂમાં કરવા સરકારે 'કોન્ડમ ટેક્સ' લાગુ કર્યો

### 2100 સુધીમાં 50 ટકા વસ્તી પેન્શન સિસ્ટમ પર નિર્ભર હશે

• બિજિંગ

નવા વર્ષની શરૂઆત સાથે જ ચીની સરકારે તેમની ત્રણ દાયકા જૂની ટેક્સ નીતિમાં બદલાવ કર્યો છે. ચીને ગર્ભનિરોધકો અને કોન્ડમ પર ૧૩ ટકા ટેક્સ લાગુ કર્યો છે. 'વન ચાઈલ્ડ પોલિસી' રદ કર્યાને ૧૦ વર્ષ બાદ ચીની સરકારે આ નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે, ૧૯૯૪ની સાલમાં ચીને એક બાળકની નીતિને કડક રીતે લાગુ કરી હતી.

ચીને ૧૯૭૯થી ૨૦૧૫ની વચ્ચે વન ચાઈલ્ડ પોલિસી લાગુ કરી હતી. ત્યારબાદ, ૨૦૧૬થી ૨૦૨૧ની વચ્ચે બે બાળકોની નીતિ લાગુ કરવામાં આવી હતી. જ્યારે, ૨૦૨૧માં ત્રણ બાળકોને મંજૂરી અપાઈ હતી. પરંતુ, વસ્તીમાં ભારે ઘટાડાના આંકડા બાદ ચીની સરકાર દ્વારા જૂન ૨૦૨૧માં તમામ મર્યાદાઓ રદ્દ કરવામાં આવી હતી. આ તમામ નીતિઓના ખરાબ પરિણામો બાદ હવે સરકાર ત્રણ વર્ષથી નાના બાળક માટે રૂ. ૪૫,૦૦૦ની ચાઈલ્ડકેર સબસિડી આપી રહી છે.

ચીનમાં ૨૦૧૯માં ૧.૪૭ કરોડ બાળકોનો જન્મ થયો હતો. જે ૨૦૨૪માં ઘટીને ૯૫ લાખ થયો હતો. હાલ, ચીનમાં ૨૦ટકાથી વધુ વસ્તીની ઉંમર ૬૦ વર્ષ કે તેથી વધુ છે. અંદાજ મુજબ, ૨૧૦૦ સુધીમાં ૫૦ ટકા વસ્તીની ઉંમર ૬૦ વર્ષથી વધુ હશે. જે વર્કફોર્સ અને પેન્શન સિસ્ટમ પર ભાર વધારશે. ૨૦૨૨માં ચીનનો પ્રજનન દર ૧.૧૮ બાળક હતો. જે માપદંડ કરતા ઘણો ઓછો હતો. ચીનમાં ઘટતી વસ્તી પાછળ બાળ ઉછેરના ખર્ચને કારણ માનવામાં આવી રહ્યું છે.

યુવા પોપ્યુલેશન રિસર્ચ ઈન્સ્ટિટયુટના અભ્યાસમાં સામે આવ્યું છે કે, ચીનમાં ૧૮ વર્ષ સુધીના બાળકને ઉછેરવાનો ખર્ચ આશરે રૂ. ૬૭.૩૫ લાખ આવે છે. જે તેને બાળઉછેર માટે વિશ્વના સૌથી મોંઘા દેશોમાંનો એક બનાવે છે. ચીની સોશિયલ મીડિયા સાઈટ્સ પર સરકારના કોન્ડમ ટેક્સનો વિરોધ થઈ રહ્યો છે. જાણકારો કહી રહ્યાં છે કે, કોન્ડમ ટેક્સને કારણે એચઆઈવી અને અન્ય જાતીય રોગોનું જોખમ વધશે.

ઉત્તર કોરિયામાં મોટા ફેરફારના સંકેત

## કિમ જોંગ ઉનની પુત્રીની પૂર્વજોના સમાધિ સ્થળે પહોંચી

• સિઓલ

ઉત્તર કોરિયાના સરમુખત્યાર કીમ-જોંગ-ઊનની 13 વર્ષની જ પુત્રી કીમ-જુ-એ તેમનાં પિતૃઓની કબરો જ્યાં છે, તે મકબરાની મુલાકાતે તેનાં માતા અને પિતાની સાથે ગઈ હતી. આ ઉપરથી વિશ્લેષણકારો માને છે કે, કીમ-જુ-એ ને ઉન તેના વારસ તરીકે તૈયાર કરી રહ્યાં છે.

ગુરૂવારે ખ્રિસ્તી નવ વર્ષના પ્રારંભના દિવસે તે તેના પિતાની સાથે કુટુમ્બના મકબરાએ પહોંચી હતી. આ સ્થળ ઉત્તર કોરિયામાં ઉનના કુટુમ્બના 100થી વધુ વર્ષનાં શાસનને જાણે કે કાનૂની માન્યતા આપે છે. પ્યોગ્યાંગના કુમસુસાન પેલેસમાં ઉનના પિતાશ્રી કીમ જોંગ ઈલ અને પિતામહ કીમ-ઈલ-સુંગની કબરો છે.તે સર્વવિદિત છે કે, 1948માં કીમ-ઈલ-સુંગે ઉત્તર કોરિયામાં રશિયાના સ્ટાલિનનાં સૈન્યની મદદથી સામ્યવાદી શાસન સ્થાપ્યું હતું. તેની દક્ષિણ તરફની આગેકૂચ જન. મેકાર્થીમાં નેતૃત્વ નીચે અમેરિકી દળોએ અટકાવી હતી. દક્ષિણ કોરિયાની સેજોંગ ઈન્સ્ટીટયુટ નામક ખાનગી વિશ્લેષણકાર સંસ્થાના નાયબ વડા સીઓંગ ચાંગ જણાવે છે કે, દર વર્ષે મહત્વની તારીખોએ કીમ-જોંગ-ઉન તેમના પૂર્વજો તે મકબરાએ જઈ આશીર્વાદ માગે છે.કીમ-જોંગ-ઊને તેમની વહાલી પુત્રી 'એ'ને 'વર્કર્સ પાર્ટી'માં બીજા ક્રમનું પદ પણ અપાવ્યું છે. પાર્ટીની મહાસભામાં તે અંગે નિર્ણય લેવાયો હતો.હવે વર્કસ પાર્ટીનાં સંચાલક મંડળમાં પણ ફેરફાર થવા સંભવ છે, તેમ દક્ષિણ કોરિયાની ગુપ્તચર સંસ્થા જણાવે છે. 'એ' નવેમ્બર 2022માં સૌથી પહેલાં જાહેરમાં આવી હતી ત્યારે તે મિલિટરી પેરેડમાં અને મિસાઈલ લોં અંગ સમયે તેમના પિતાની સાથે દેખાઈ હતી.

## 'બંગાળને પશ્ચિમ બાંગ્લાદેશ બનાવવાના પ્રયાસ', મમતા પર ભડક્યાં મિથુન ચક્રવર્તી

### ટીએમસી સરકારને ઉખેડી નાખવાનો એકમાત્ર રસ્તો એ છે કે દરેક વ્યક્તિ એક સાથે આવે

• કોલકાતા

બાંગ્લાદેશમાં લઘુમતી પર અત્યાચાર વચ્ચે ભાજપ નેતા મિથુન ચક્રવર્તીએ શુક્રવારે (2 જાન્યુઆરી) મોટું નિવેદન આપ્યું છે. આરોપ લગાવ્યો હતો કે પશ્ચિમ બંગાળને 'પશ્ચિમ બાંગ્લાદેશ' બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે, પરંતુ આ પ્રયાસો ક્યારેય સફળ થશે નહીં. પશ્ચિમ બંગાળના કૂચ બિહાર જિલ્લામાં એક જનસભાને સંબોધતા બોલિવૂડ સ્ટારે કહ્યું હતું કે આ કોઈ બીજો દેશ નથી, જે તેઓ વિચારી રહ્યા છે.

પશ્ચિમ બંગાળમાં આ વર્ષે ચૂંટણીઓ થવાની છે. રાજ્યમાં ચૂંટણી પ્રવૃત્તિઓએ ગતિ પકડી છે. કૂચ બિહારમાં એક રેલીને સંબોધતા મિથુન ચક્રવર્તીએ પશ્ચિમ બંગાળ વિશે આ ટિપ્પણીઓ કરી હતી.

તેમણે વધુમાં કહ્યું હતું કે, 'બાંકુરા જિલ્લામાં એક જનસભા રેલીને સંબોધતા મુખ્યમંત્રીએ ભારતના ગૃહમંત્રીને ધમકી આપતા કહ્યું હતું કે તેમણે જ તેમને કોલકાતાની હોટલમાંથી બહાર જવા દીધા હતા જ્યાં તેઓ રોકાયા હતા. હું ઈચ્છું છું કે તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે ગૃહમંત્રીને બંગાળ આવવા દેવામાં આવશે નહીં, તે દિવસ આફત લાવશે.'મિથુન ચક્રવર્તીએ કહ્યું હતું કે, આ બીજો દેશ નથી જેમ મમતા બેનર્જી કલ્પના કરી રહ્યા હશે.1990ના દાયકામાં કાશ્મીર ખીણમાંથી કાશ્મીરી પંડિતોની હિજરતને દર્શાવતી તેમની ફિલ્મ 'ધ કાશ્મીર ફાઈલ્સ'નો ઉલ્લેખ કરતા મિથુન ચક્રવર્તીએ આરોપ લગાવ્યો કે બંગાળમાં પણ આવા જ પ્રયાસો ચાલી રહ્યા છે.તેમણે આરોપ લગાવ્યો કે, પશ્ચિમ બંગાળને પશ્ચિમ બાંગ્લાદેશમાં ફેરવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ગાયિકા લગ્નજીતા ચક્રવર્તીને દેવી માતાની સ્તુતિ કરતી ગીત ગાવા બદલ હેરાન કરવામાં આવી હતી.તેમણે કહ્યું, 'તેઓ વિચારી શકે છે કે તે બાંગ્લાદેશ બની ગયું છે, પરંતુ તે દિવસ ક્યારેય આવશે નહીં. જ્યાં સુધી મિથુન ચક્રવર્તી જેવા લોકોના શરીરમાં લોહીનું એક ટીપું પણ હશે, ત્યાં સુધી આ રાજ્ય ક્યારેય બાંગ્લાદેશ નહીં બને. અમે બંધારણમાં માનીએ છીએ, અને તેથી જ અમે ખુદને નિયંત્રણમાં રાખ્યા છે. ટીએમસી સરકારને ઉખેડી નાખવાનો એકમાત્ર રસ્તો એ છે કે દરેક વ્યક્તિ એક સાથે આવે.'


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# રાણપુર-પાળીયાદ રોડ પરથી રોયલ્ટી પાસ વગરની રેતી ભરેલું ડમ્પર ઝડપાયું

### વાહન જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી

• બોટાદ

બોટાદ જીલ્લાના રાણપુર પંથકમાં ગેરકાયદેસર ખનીજ વહન કરતા તત્વો સામે તંત્રએ લાલ આંખ કરી છે. રાણપુર મામલતદાર કે.બી.ગોહીલ દ્વારા કરવામાં આવેલી તપાસ દરમિયાન રાણપુર-પાળીયાદ રોડ પરથી ગેરકાયદેસર સાદી રેતી ભરીને પસાર થતું એક ડમ્પર ઝડપી લેવામાં આવ્યું છે.આ મામલે મામલતદાર કે.બી. ગોહિલ દ્વારા વાહન જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મામલતદારની ટીમ જ્યારે પેટ્રોલિંગમાં હતી ત્યારે રાણપુર-પાળીયાદ હાઈવે રોડ પર ડમ્પર નંબર GJ-13-AW-9745ને શંકાસ્પદ હાલતમાં અટકાવવામાં આવ્યું હતું. ડમ્પરના ડ્રાઈવરની પૂછપરછ કરતા અને રોયલ્ટી પાસ કે પરમિટની માંગણી કરતા તે રજૂ કરી શક્યો નહોતો. ડ્રાઈવરે પોતાના નિવેદનમાં કબૂલાત કરી હતી કે તે આ સાદી રેતી કેરિયાળા ખાતેથી ભરીને લાવ્યો હતો અને ખાણ માલિકે તેને કોઈ પણ જાતની રોયલ્ટી પાસ કે પરમિટ આપી નહોતી. તંત્ર દ્વારા કડક કાર્યવાહી ગુજરાત મીનરલ રૂલ્સ-2017 હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે. અંદાજે 25 લાખની કિંમતનો મુદ્દામાલ ખનીજ અને વાહન સાથે જપ્ત કરીને રાણપુર પોલીસ સ્ટેશનના હવાલે કરી અટકાયતમાં રાખવા હુકમ કરવામાં આવ્યો છે.રાણપુર મામલતદાર કે.બી. ગોહિલે દ્વારા આ અંગેનો વિગતવાર અહેવાલ અને 'ફોર્મ-





જે' બોટાદના મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીને આગળની દંડનીય કાર્યવાહી માટે મોકલી આપવામાં આવ્યો છે. આ કાર્યવાહીથી ગેરકાયદેસર ખનીજ ચોરી અને વહન કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.આ અંગે રાણપુર મામલતદાર કે.બી.ગોહીલ એ જણાવ્યુ છે કે આગામી દિવસમાં પણ ખનીજ ચોરી અને ગેરકાયદેસર ખનીજ વહન ઉપર કડક કાર્યવાહી કરવામાં આવશે..

---

**ગભરાટ**

### બોક્સ ક્રિકેટ રમવા જવા નીકળેલો કિશોર ઘરે પાછો ન ફર્યો

# અડાલજ નર્મદા કેનાલ નજીક એક્ટિવા નમી પડતાં બે મિત્રો રોડ પર પટકાયા

### અજાણ્યા વાહનની ટક્કરે મોત

• ગાંધીનગર

ગાંધીનગરના ઝુંડાલથી અડાલજ તરફ જતા નર્મદા કેનાલ બ્રિજ પાસે ગત 31 ડિસેમ્બરની વહેલી સવારે એક કરુણ અકસ્માત સર્જાયો હતો. મિત્ર સાથે બોક્સ ક્રિકેટ રમવા જઈ રહેલા 17 વર્ષીય કિશોરને અજાણ્યા વાહને અડફેટે લેતા સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું છે. આ અકસ્માત સર્જી વાહન ચાલક ફરાર થઈ જતા અડાલજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર,મૂળ મધ્યપ્રદેશના અને હાલ ચાંદખેડા વિસ્તારમાં રહેતા વિરસિંઘ ઠાકુરનો 17 વર્ષીય પુત્ર હેમંત તેના મિત્ર યુવરાજ સાથે એક્ટિવા (GJ-27-AB-6791) પર વહેલી સવારે છ વાગ્યાના સુમારે વૈષ્ણોદેવી સર્કલ પાસે બોક્સ ક્રિકેટ રમવા જવા નીકળ્યો હતો. દરમિયાન ઝુંડાલથી અડાલજ તરફ જતા નર્મદા કેનાલ બ્રિજ ઉતરતા બાલાજી કુટીર પાસે અચાનક એક્ટિવા નમી પડતા બંને મિત્રો રોડ પર પટકાયા હતા. હેમંત અડાલજથી ઝુંડાલ તરફના રોડ પર ફેંકાયો હતો. તે જ સમયે પૂરઝડપે આવી રહેલા કોઈ અજાણ્યો વાહન ચાલક હેમંતને જોરદાર




ટક્કર મારી ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ અકસ્માતમાં હેમંતને માથાના તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને 108 મારફતે તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું કરુણ મોત નીપજ્યું હતું. મૃતક હેમંતના પિતા વિરસિંઘ ઠાકુર જેઓ ઈન્ડિયન ઓઈલના ટેન્કર પર ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે તેમણે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. આ મામલે અડાલજ પોલીસે ગુનો નોંધી ફરાર વાહનચાલકની શોધખોળ શરૂ કરી છે.

---

### ઈલેક્ટ્રિસિટી વાયદામાં નરમાઈ: એલચી, મેન્થા તેલના વાયદામાં સુધારો

# સોનાના વાયદામાં રૂ.1015 અને ચાંદીના વાયદામાં રૂ.8099નો ઉછાળો: ક્રૂડ તેલનો વાયદો રૂ.29 લપસ્યો

**ઉછાળો**

### કોમોડિટી વાયદાઓમાં રૂ.30562.09 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.66180.89 કરોડનું ટર્નઓવર




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.96756.43 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.30562.09 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.66180.89 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો 35549 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.1672.35 કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 24034.47 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.136999ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.136999 અને નીચામાં રૂ.136523ના મથાળે અથડાઈ, રૂ.135804ના આગલા બંધ સામે રૂ.1015 વધી રૂ.136819ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો 8 ગ્રામદીઠ રૂ.472 વધી રૂ.112408ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો 1 ગ્રામદીઠ રૂ.82 વધી રૂ.14026ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.1302 વધી રૂ.134472ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.137141ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.137750 અને નીચામાં રૂ.137141ના મથાળે અથડાઈ, રૂ.136697ના આગલા બંધ સામે રૂ.965 વધી રૂ.137662ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.239041ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.244999 અને નીચામાં રૂ.239041ના મથાળે અથડાઈ, રૂ.235873ના આગલા બંધ સામે રૂ.8099 વધી રૂ.243972ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.8052 વધી રૂ.246050ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.7956 વધી રૂ.245966ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. 4269.28 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.17.1 વધી રૂ.1309.6ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.1.4 વધી રૂ.309.45ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.6.4 વધી રૂ.303.7ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો 25 પૈસા વધી રૂ.183ના ભાવે બોલાયો હતો.

---

# યાત્રાધામ અંબાજી ખાતે માતાજીને રૂ.૪૩.૫૧ લાખનો સુવર્ણ-રત્નજડિત દિવ્ય મુગુટ અર્પણ

### મા જગદંબાના પ્રાગટ્યોત્સવની ભવ્ય અને ધામધૂમથી ઉજવણી

• અંબાજી લક્ષ્મણ ઝાલા

અમદાવાદ જય ભોલે ગ્રુપ દ્વારા શ્રી આરાસુરી અંબાજી માતાજીને ભવ્ય સુવર્ણ મુગુટની ભેટ અર્પણ કરાઈ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષશ્રી મિહિર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં જય ભોલે ગ્રુપના પ્રતિનિધિ દીપેશભાઈ પટેલ દ્વારા મંદિર ટ્રસ્ટને આ ભવ્ય સુવર્ણ મુગુટ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યો હતો યાત્રાધામ અંબાજી કરોડો માઈ ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે તથા ૫૧ શક્તિપીઠોમાં હૃદયસ્થ શક્તિપીઠ તરીકે વિશેષ મહત્તા ધરાવે છે. અંબાજી મંદિરના ભટ્ટજી મહારાજના માર્ગદર્શન હેઠળ માતાજીના શૃંગાર માટે શાસ્ત્રોક્ત અને વેદોક્ત વિધિ અનુસાર સુવર્ણજડિત મુગુટના નિર્માણ માટે વિગતવાર અભ્યાસ કરવામાં આવ્યો હતો. શારદાપીઠ, શૃંગેરી મઠના પૂજ્ય શંકરાચાર્ય વિધુશેખર ભારતી મહાસ્વામીજીના આશીર્વાદ તથા માર્ગદર્શન હેઠળ શ્રીવિદ્યામાં



વર્ણિત સૂર્ય તથા તેના ૨૦ કિરણો, અષ્ટમનો ચંદ્ર, મોરપીંછ, સહસ્ત્ર કમળ, ૧૬ નિત્યા, સપ્ત માતૃકા તથા ૧૦ મહાવીદ્યાના સંકેતો દર્શાવતા રત્નોજડિત સુવર્ણ મુગુટનું નિર્માણ કરવામાં આવ્યું છે. શંકરાચાર્યના આશીર્વાદ પ્રાપ્ત કર્યા બાદ આ મુગુટ આજ રોજ માતાજીને અર્પણ કરવામાં આવ્યો હતો અંબાજી મંદિર ખાતે આવતીકાલે મા જગદંબાના પ્રાગટ્યોત્સવની ભવ્ય અને ધામધૂમથી ઉજવણી યોજાનાર છે. અંબાજી મંદિરના ભટ્ટજી મહારાજની પ્રેરણાથી જય ભોલે ગ્રુપ, અમદાવાદ દ્વારા માતાજી માટે આ સુવર્ણ અને રત્નજડિત મુગુટ બનાવવાનો સંકલ્પ લેવાયો હતો,.

જેને પૂર્ણ કરવામાં અંદાજે ત્રણ માસનો સમય લાગ્યો હતો. પ્રાચીન મીના કારીગરી તથા વિશિષ્ટ રત્નોના ઉપયોગથી તૈયાર થયેલ આ દિવ્ય અને ભવ્ય મુગુટ માતાજીના આશીર્વાદથી ભક્તિ ભાવપૂર્વક અર્પણ કરવામાં આવ્યો છે.

---

# ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલની ઉપસ્થિતિમાં આહવા ડુંગરી ફળિયા રોડનું ખાતમુહર્ત

• આહવા-ડાંગ

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આજરોજ ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રી વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ તેમજ ડાંગ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના અધ્યક્ષ શ્રી ચંદરભાઈ ગાવિત સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વર્ષ ૨૦૨૫-૨૬ હેઠળ રીસર્ફેસીંગ/મજબુતીકરણ માટે મંજુર થયેલ આહવા મેઈન રોડ થી ડુંગરી ફળિયા રોડ જે નોનપ્લાન ડામર, લંબાઈ એક કી.મી જેની અંદાજીત રકમ રૂપિયા ૩૭ લાખના ખર્ચે નિર્ણાણ થનાર રોડનું ખાતમુહર્ત કરીને કામગીરી શરૂ કરવામાં આવી હતી. ડાંગ જિલ્લાના માર્ગ વિકાસને વધુ ગતિ આપવા અને સુવિધાયુક્ત માર્ગ વ્યવસ્થા ઉભી કરવા માટે રાજય સરકારના માર્ગદર્શન હેઠળ પંચાયત માર્ગ અને મકાન વિભાગ આહવા



દ્વારા પંચાયતના માર્ગોના નવિનીકરણથી દિન-પ્રતિદિન અવર-જવર કરતા સ્થાનિક નાગરિકો, ખેડૂતો, વિધાર્થીઓ તેમજ વાહનચાલકોને વધુ સુવિધાજનક, સુરક્ષિત અને આરામદાયક માર્ગ સુવિધા પ્રાપ્ત થશે.

---

# ગુજરાત એ.સી.બી. એ વર્ષ ૨૦૨૫માં ૧૩ ક્લાસ-૧ અધિકારી સહિત ૩૧૦ ભ્રષ્ટાચારી અધિકારીઓ ઝડપી પાડ્યા

• ગાંધીનગર

ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતના સંકલ્પ સાથે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB) દ્વારા વર્ષ ૨૦૨૫ દરમિયાન લાંચિયા અધિકારીઓ અને કર્મચારીઓ પર કરડી નજર રાખી રેકોર્ડબ્રેક કામગીરી કરવામાં આવી છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૫માં કુલ ૨૧૩ ગુનાઓ નોંધી ૧૩ વર્ગ-૧ના અધિકારીઓ સહિત કુલ ૩૧૦ આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં ટ્રેપ, ડીકોય અને સત્તાના દુરુપયોગ જેવા ગંભીર ગુનાઓનો સમાવેશ થાય છે. ACB દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, વર્ષ ૨૦૨૫માં ૧૭૪ ટ્રેપ અને ૧૯ ડીકોય કરવામાં આવી હતી. આ સમગ્ર વર્ષ દરમિયાન એસીબીએ કુલ રૂ. ૧.૭૨ કરોડથી વધુની લાંચની રકમ પકડી પાડી છે. વિભાગવાર જોતા, સૌથી વધુ ગૃહ વિભાગના ૬૨, મહેસુલ વિભાગના ૩૨ અને પંચાયત વિભાગના ૨૬ ગુનાઓ નોંધાયા છે. આરોપીઓમાં વર્ગ-૧ ના ૧૩, વર્ગ-૨ ના ૩૫, વર્ગ-૩ ના ૧૩૪ અને ૧૨૩ ખાનગી વ્યક્તિઓનો સમાવેશ થાય છે.ભ્રષ્ટાચાર સામેની આ લડતમાં એસીબીએ અપ્રમાણસર મિલકત (DA) ધરાવતા તત્વો સામે પણ લાલ આંખ કરી છે.વર્ષ ૨૦૨૫માં કુલ ૧૬ આરોપીઓ વિરૂદ્ધ રૂ.૧૬.૫૯ કરોડથી વધુની અપ્રમાણસર મિલકતના ગુના દાખલ કરવામાં આવ્યા છે. બ્યુરો દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, જો કોઈ પણ સરકારી કર્મચારી કાયદેસરના કામ માટે લાંચની માંગણી કરે, તો તુરંત જ ટોલ ફ્રી નંબર ૧૦૬૪ અથવા વોટ્સએપ નંબર ૯૦૯૯૯-૧૧૦૫૫ પર સંપર્ક કરવો.

---

### મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના ખેડૂતોએ

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુરની મુલાકાત લઈ તેલીબિયાં પાકો અને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ મેળવી

• વીરભદ્ર સિંહ સિસોદીયા
મહિસાગર

NMEO ઓઈલસીડ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના ખેડૂતો માટે એક દિવસીય પ્રેરણા પ્રવાસ અને તાલીમ કાર્યક્રમનું આયોજન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK), વેજલપુર ખાતે કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન વિસ્તરણ અધિકારી શ્રી જગદીશ શર્મા ખેડૂતો સાથે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેડૂતોને આધુનિક કૃષિ પદ્ધતિઓ અને તેલીબિયાં પાકોના વાવેતર અંગે પ્રત્યક્ષ જાણકારી પૂરી પાડી તેમની આવકમાં વધારો કરવાનો હતો. તાલીમ સત્રમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના



વિષય નિષ્ણાંતો દ્વારા ખેડૂતોને ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ડૉ. કનકલતા અને શ્રીમતી રેણુ દ્વારા પ્રાકૃતિક ખેતીના મહત્વ અને તેલીબિયાં પાકોમાં વધુ ઉત્પાદન મેળવવાની તકનીકો વિશે વાત કરી હતી. જ્યારે ડૉ. જયપાલસિંહ જાદવ અને શ્રી ખજુરીયાએ ખેતીમાં ખર્ચ ઘટાડવા અને જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા માટે અઝોલાના ઉપયોગ તથા વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિશે ખેડૂતોને અવગત કર્યા હતા.

આ તાલીમ દરમિયાન વિશેષ કરીને પ્રાકૃતિક ખેતીમાં 'મલચિંગ' એટલે કે આચ્છાદનનો ઉપયોગ કેવી રીતે કરવો અને તેનાથી ભેજ સંગ્રહ તથા નીંદણ નિયંત્રણમાં થતા ફાયદાઓ વિશે જીવંત નિદર્શન આપવામાં આવ્યું હતું. ખાનપુર તાલુકાના ખેડૂતોએ કેન્દ્રની વિવિધ પ્રદર્શન યુનિટોની મુલાકાત લઈ ઉત્સાહપૂર્વક નવીનતમ કૃષિ માહિતી મેળવી હતી, જે આગામી સમયમાં તેમના ખેતરોમાં અમલી બનશે.

# ગોધર તાલુકાના 10 ગામોનો શહેરા તાલુકામાં પુન: સમાવેશ કરાતા ગ્રામજનોમાં ખુશીનો માહોલ



• શહેરા, પંચમહાલ

પંચમહાલ જીલ્લામાં આવેલા શહેરા તાલુકાના 10 જેટલા ગામોને મહિસાગર જીલ્લાના નવ રચિત ગોધર તાલુકામા સમાવેશ કરવાના લઈને ગ્રામજનોએ વિરોધ નોધાવ્યો હતો. અને વહીવટી તંત્ર તેમજ શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને રજુઆત કરી હતી. સરકારે રજુઆતને ધ્યાનમા રાખીને ગોધરમા સમાવેશ ગામોને પુનઃ શહેરા તાલુકામા સમાવીશ કરવામા આવ્યા હતા. જેના પગલે ગ્રામજનોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. આ મામલે શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડનો ગ્રામજનોએ આભાર માન્યો હતો.

ગુજરાત સરકાર દ્વારા વહીવટી સરળતા રહે તે માટે સંમયાતરે નવા તાલુકાઓની રચના કરવામા આવે છે. 24 સપ્ટેમ્બર 2025ના રોજ સરકાર દ્વારા 17 નવા તાલુકાઓ બનાવાની જાહેરાત કરવામા આવી હતી. જેમા પંચમહાલ જીલ્લાના પડોશી જીલ્લા ગણાતા મહિસાગર જીલ્લામાં બે નવા તાલુકા કોઠંબા અને ગોધર તાલુકા બનાવાની જાહેરાત કરવામા આવી હતી. જેમા પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના 10 ગામોને ગોધર તાલુકામા સમાવેશ કરવામા આવ્યો હતો. જેને લઈને ગ્રામજનોએ વિરોધ નોધાવ્યો હતો. ગ્રામજનોનું જણાવવુ હતુ કે તેમને તાલુકા મથક ગોધર કરતા શહેરા સહેલુ પડેછે. અને તેમને શહેરામા જ રહેવાની ઈચ્છા દર્શાવી હતી,ગ્રામજનો દ્વારા તંત્ર અને શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને રજુઆત કરવામાં આવી હતી. ધારાસભ્ય દ્વારા આ મામલે ગ્રામજનોની રજુઆતને સરકારમા રજુઆત કરી હતી. જેના લઈને સરકાર દ્વારા હિતકારી નિર્ણય લેવાયો હતો.

જેમા શહેરા તાલુકાના જે ગામોને મહિસાગર જીલ્લાના નવરચિત ગોધર તાલુકામા સમાવાયા હતા.તેને ફરી પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકામા સમાવેશ કરી દીધો હતો. પાનમ વિસ્તારના 10 ગ્રામોના ગ્રામજનોએ શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડનો આભાર માન્યો હતો અને તેમને સાલ ઓઢાડીને ફુલહાર પહેરાવીને સન્માન પણ કર્યુ હતુ.નોધનીય છે કે બોરીયા, આંસુદરિયા,જુનાખેડા,ચારી, બલુજીના મુવાડા, રમજીની નાળ સહિતના ગામોનો ફરી સમાવેશ કરાયો છે.

શિવાર્પણ | જનસુખાકારી અને યાત્રી સુવિધા અર્થે રૂ. ૫ કરોડ 'શિવાર્પણ' કર્યા

# નૂતન વર્ષ ૨૦૨૬ના મંગલ પ્રારંભે દેવાધિદેવ શ્રીસોમનાથ મહાદેવના સાનિધ્યે રિલાયન્સ પરિવારની ધર્મયાત્રા

## રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મુકેશભાઈ અંબાણીએ પરિવાર સાથે સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવ્યું

• દિપક જોષી દ્વારા

વિશ્વભરના સનાતન ધર્મીઓના આસ્થાના પરમ કેન્દ્ર અને પ્રથમ જ્યોતિર્લિંગ એવા શ્રી સોમનાથ મહાદેવના પાવન સાનિધ્યમાં વર્ષ ૨૦૨૬ના પ્રારંભિક દિવસોમાં શ્રદ્ધા અને ભક્તિનો એક અલૌકિક માહોલ સર્જાયો હતો. ભારતીય ઉદ્યોગજગતના શિરમોર અને રિલાયન્સ પરિવારના મોભી, ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર એવા શ્રી મુકેશભાઈ અંબાણી રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક શ્રીમતી નીતાબેન અંબાણી અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી અનંતભાઈ અંબાણીએસહપરિવારદેવાધિદેવસોમનાથ મહાદેવના પાવનકારી દર્શન કર્યા હતા.

શાસ્ત્રોક્ત પૂજાનો લ્હાવો: નૂતન વર્ષના મંગલમય પ્રારંભે સોમનાથ મંદિરમાં અંબાણી પરિવારે મહાદેવને ગંગાજલ અભિષેક કરી, પૂજા સામગ્રી અર્પણ કરી હતી. આ પુનિત અવસરે તેઓએ વેદોક્ત મંત્રોચ્ચાર સાથે સોમનાથ દાદાની કુલસોમેશ્વર મહા પૂજા કરી હતી. આ ઉપરાંત, 'ધ્વજા પૂજા' અને



ભક્તોમાં જેનું વિશેષ મહત્વ છે તેવી 'પાઘ પૂજા' કરીને રાષ્ટ્રની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

બાણ સ્તંભની મુલાકાત: દર્શન બાદ, સમગ્ર પરિવારે ભારતીય પ્રાચીન સંસ્કૃતિના વિજ્ઞાનિક અને ભૌગોલિક વારસાના અદભુત પ્રતિક સમાન 'બાણ સ્તંભ'ની મુલાકાત લીધી હતી. જ્યાથી પૃથ્વીના દક્ષિણ ધ્રુવ સુધી કોઈ ભૂમિ ભાગ નથી આવતો તેવા અબાધિત સમુદ્રમાર્ગ દર્શાવતા આ સ્તંભને નિહાળી અંબાણી પરિવારે ભારતની ભવ્ય વૈજ્ઞાનિક વિરાસત પ્રત્યે ગૌરવ વ્યક્ત કર્યું હતું. સેવા પરમો ધર્મની ભાવનાને સાર્થક કરતા શ્રી મુકેશભાઈ અંબાણીએ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ચાલતા લોક કલ્યાણના કાર્યો અને કરોડો શ્રદ્ધાળુઓ માટેની યાત્રીલક્ષી સુવિધાઓના વિકાસ કાર્યો હેતુ રૂ. ૫ કરોડ 'શિવાર્પણ' કર્યું હતું. આ પ્રસંગે શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર તરફથી ઈન્ચાર્જ જનરલ મેનેજર શ્રી પરેશભાઈ ચાવડા એ અંબાણી પરિવારનું સ્વાગત અને અભિવાદન કર્યું હતું.

ડાક સેવાઓ સાથે સાથે વાઈ-ફાઈ, કેફેટેરિયા, મિની લાઈબ્રેરી

# અમદાવાદના પ્રથમ નવિનીકૃત એન-જેન (નેક્સ્ટ જેન) થીમ આધારિત ડાકઘરનું આઈ.આઈ.એમ. ખાતે ઉદ્ઘાટન

સુવિધામાં વધારો | આરામદાયક બેઠક જગ્યા જેવી સુવિધાઓ આપશે આઈ.આઈ.એમ. અમદાવાદ પોસ્ટ ઓફિસ

• અમદાવાદ

ભારતીય ડાક ડિજિટલ વિચારસરણી, આધુનિક સુવિધાઓ અને યુવા ઊર્જા સાથે નવા ભારતની ગતિ સાથે પગલાં મિલાવી આગળ વધી રહ્યું છે. પરંપરાગત ડાક સેવાઓથી આગળ વધી હવે પોસ્ટ ઓફિસો એન-જેન (નેક્સ્ટ જેન) માટે સ્માર્ટ અને આધુનિક સેવા કેન્દ્ર તરીકે વિકસિત થઈ રહી છે. કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાના દૃષ્ટિકોણથી પ્રેરિત આ પહેલ હેઠળ પોસ્ટ ઓફિસોને જીવંત, વિદ્યાર્થી-કેન્દ્રિત અને પ્રૌદ્યોગિકી-સક્ષમ સ્થળો તરીકે પુનઃકલ્પિત કરવામાં આવી રહી છે. આ જ શ્રેણીમાં, ગુજરાતનું દ્વિતીય અને અમદાવાદનું પ્રથમ એન-જેન (નેક્સ્ટ જેન) થીમ આધારિત નવિનીકૃત આઈ.આઈ.એમ. પોસ્ટ ઓફિસનું ઉદ્ઘાટન તારીખ 2 જાન્યુઆરી, 2026ના રોજ ગુજરાત પરિમંડળના મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવલેશ્વરકર, આઈ.આઈ.એમ. અમદાવાદના નિદેશક પ્રો. ભારત ભાસ્કર તથા ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા કરવામાં આવ્યું. આ અવસરે મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવલેશ્વરકરે જણાવ્યું કે આઈ.આઈ.એમ. અમદાવાદ પોસ્ટ ઓફિસને નવી પેઢી (એન-જેન)ની જીવનશૈલી, રસ અને અપેક્ષાઓને અનુરૂપ ફરીથી ડિઝાઈન કરવામાં આવી છે, જેના પરિણામે તે એક જીવંત હેંગઆઉટ-કમ-સેવા કેન્દ્ર તરીકે વિકસ્યું છે. શાનદાર, આકર્ષક અને યુવા-કેન્દ્રિત દેખાવ અને અનુભૂતિ સાથે તૈયાર કરવામાં આવેલું આ એન-જેન પોસ્ટ ઓફિસ જાહેર સેવા વિતરણ પ્રણાલીમાં એક પરિવર્તનકારી છલાંગ દર્શાવે છે, જે ખાસ કરીને વિદ્યાર્થીઓ, યુવાઓ અને ડિજિટલ નેટિવ્સને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી છે. આઈ.આઈ.એમ. અમદાવાદના નિદેશક પ્રો. ભારત ભાસ્કરે ડાક વિભાગની એન-જેન પોસ્ટ ઓફિસ પહેલને દુરદર્શી અને સમયોચિત પગલું ગણાવી તેની પ્રશંસા કરી. તેમણે આશા વ્યક્ત કરી કે આ આધુનિક અને ટેકનોલોજી-સક્ષમ પોસ્ટ ઓફિસનો વધુમાં વધુ આઈ.આઈ.એમ ના વિદ્યાર્થીઓ લાભ લેશે તથા ડાક વિભાગની સેવાઓનો સક્રિય રીતે ઉપયોગ કરશે. સાથે જ, આઈ.આઈ.એમ. અમદાવાદના વિદ્યાર્થીઓ દ્વારા એન-જેન પોસ્ટ ઓફિસમાં દર્શાવવામાં આવેલી સક્રિય ભાગીદારીની પણ તેમણે પ્રશંસા કરી. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે યુવા-કેન્દ્રિત આ એન-જેન પોસ્ટ ઓફિસ યુવાઓને આધુનિક સુવિધાઓ પૂરી પાડશે. જેમાં વાઈ-ફાઈ, કેફેટેરિયા, મિની લાઈબ્રેરી, પી.ઓ.એસ./ક્યુ.આર. કોડ સ્કેન દ્વારા યુપીઆઈ આધારિત ડિજિટલ ચુકવણી, યુથ-કેન્દ્રિત આરામદાયક સીટિંગ સ્પેસ, વિદ્યાર્થીઓ માટે સ્પીડ પોસ્ટ તથા પાર્સલ સેવાઓ પર 10% વિશેષ છૂટ, જ્ઞાન પોસ્ટ, પાર્સલ પેકેજિંગ સેવા, આધાર સેવા, ફિલેટલી, ડાકઘર બચત યોજનાઓ, ડાક જીવન વીમા તેમજ આઈ.પી.પી.બી. જેવી નાણાકીય સેવાઓનો સમાવેશ થાય છે. તે ઉપરાંત, વિદ્યાર્થીઓ વચ્ચે પરસ્પર સંવાદ અને મનોરંજનને પ્રોત્સાહન આપવા માટે ચેસ અને લૂડો જેવી ઈન્ડોર ગેમ્સની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

# લુણાવાડા ચારકોશિયાનાકા ખાતે વાહન ચાલકોને સેફટીગાર્ડનું વિતરણ કરાયું

## મહીસાગર જિલ્લામાં ઉત્તરાયણ પર્વે અકસ્માતો નિવારવા જિલ્લા પોલીસની પ્રશંસનીય પહેલ

• વીરભદ્ર સિંહ સિસોદીયા. મહીસાગર

આગામી ઉત્તરાયણ પર્વને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે પતંગની દોરીથી થતા જીવલેણ અકસ્માતોને રોકવા માટે મહીસાગર જિલ્લામાં તંત્ર અને સામાજિક સંસ્થાઓ દ્વારા એક મહત્વપૂર્ણ સુરક્ષા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. લુણાવાડાના ચારકોશીયા નાકા ટ્રાફિક પોલીસ ચોકી પાસે મહીસાગર જિલ્લા ટ્રાફિક પોલીસ, એઆરટીઓ (ARTO) અને મહાકાલ સેનાના સંયુક્ત ઉપક્રમે જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સફિન હસનની અધ્યક્ષતામાં વાહનચાલકોને સુરક્ષા માટે 'સેફટીગાર્ડ' વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

ઉત્તરાયણ દરમિયાન પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના કારણે અનેક વાહનચાલકો ગંભીર રીતે ઘાયલ થતા હોય છે અને કેટલીકવાર દુર્ઘટનામાં જાનહાનિ પણ થતી હોય છે. આવી ગંભીર ઘટનાઓનેટાળવાઅનેલોકોસુરક્ષિતરીતે તહેવાર મનાવી શકે તે હેતુથી આ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમ દરમિયાન જિલ્લા પોલીસ અધિક્ષક એસ.પી. સફિન હસને જિલ્લાવાસીઓને ઉત્તરાયણ પર્વ શાંતિપૂર્ણ અને સાવચેતીપૂર્વક ઉજવવાનો અનુરોધ કર્યો હતો.

તેમણે ખાસ ભાર મૂકતા જણાવ્યું હતું કે કોઈપણ નાગરિકે પ્રતિબંધિત અને જીવલેણ ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરવો નહીં, દ્વિચક્રી વાહનચાલકોએ (બાઈક/સ્કૂટર) પોતાના વાહનો પર આગળના ભાગે સેફટીગાર્ડ (સળિયો) અવશ્ય લગાવવો, વાહન ચલાવતી વખતે ગળાના ભાગે મફલર અથવા સ્કાર્ફ વીંટાળીને રાખવું જેથી દોરીથી બચી શકાય.

આ કાર્યક્રમમાં જિલ્લા ટ્રાફિક પી એસ આઈ શક્તિસિંહ ઝાલા, આરટીઓ ઈન્સ્પેક્ટર મયુર પટેલ, આરટીઓ ઈન્સ્પેક્ટર એસ પી ચુડાસમા, મહાકાલ સેનાના જશપાલસિંહ સહિત મહાકાલ સેનાના સદસ્યો, ટ્રાફિક સ્ટાફ, એઆરટીઓ સ્ટાફ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વાહનચાલકોને સુરક્ષા અંગે જાગૃત કર્યા હતા.

# પોરબંદર માં NMMS પરીક્ષા શાંતિપૂર્ણ યોજવા એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ રેખાબા સરવૈયા દ્વારા પ્રતિબંધાત્મક હુકમો જાહેર કરાયા

• વિરમભાઈ કે.આગઠ

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૦૩/૦૧/૨૦૨૬ના રોજ બપોરે ૧૨.૦૦ થી ૧૫.૦૦ કલાક દરમિયાન નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) પરીક્ષા-૨૦૨૫-૨૬ પોરબંદર જિલ્લામાં (૧) ભાવસિંહજી હાઈસ્કુલ (ઝોનલ કચેરી) એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, પોરબંદર (૨) સરકારી હાઈસ્કુલ, કુતિયાણા બસ સ્ટેન્ડ પાસે, કુતિયાણા, તા.કુતિયાણા (૩) શ્રી એચ.એચ.ભાયાણી બાલા હનુમાન માધ્યમિક શાળા, કુતિયાણા,ઉજજડ થેપડા, નેશનલ હાઈવે રોડ-૨૭, કુતિયાણા (૪) ચમ મેમોરીયલ પ્રા. શાળા, પોરબંદર, નવા ફુવારા પાસે, પોરબંદર (૫) જે.વી.ગોઢાણીયા ઈગ્લીશ મીડીયમ સ્કુલ, યુનિટ-૧,ખીજડી પ્લોટ સામે, પોરબંદર (૬) શ્રી બાલુબા કન્યા વિધાલય (વિજ્ઞાન ભવન), ઠે.એમ.જી.રોડ, પોરબંદર, જુના ફુવારા પાસે, એમ.જી.રોડ, પોરબંદર (૭) નવયુગ વિધાલય, ઠે.ભાવસિંહજી હોસ્પીટલ રોડ, પોરબંદર, ભાવસિંહજી હોસ્પીટલ પાસે, પોરબંદર (૮) એમ.વી. મજીઠીયા ગર્લ્સ હાઈસ્કુલ, રાણાવાવ, ગોપાલપરા, રાણાવાવ, તા.રાણાવાવ(૯) વી.આઈ. મદ્રેશા હાઈસ્કુલ, રાણાવાવ, સરકારી હોસ્પીટલ પાસે રાણાવાવ આમ ઉપરોક્ત પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા લેવાનાર છે.પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણથી તેજસ્વી વિદ્યાર્થીઓના ભવિષ્ય પર અસર ન પડે તેમજ પરીક્ષાર્થીઓને માનસિક પરેશાની ન થાય તે હેતુથી પરીક્ષાઓ શાંતિપૂર્ણ, નિષ્પક્ષ અને સુલેહ-શાંતિભર્યા વાતાવરણમાં યોજાય તે માટે પોરબંદર જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રેખાબા સરવૈયા દ્વારા વિવિધપ્રતિબંધાત્મક હુકમો જાહેર કરવામાં આવ્યા છે. ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)(એફ) હેઠળ તા.૦૩/૦૧/૨૦૨૬ના રોજ સવારે ૧૧.૩૦ કલાકથી બપોરે ૧૫.૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૨૦૦ મીટર વિસ્તારમાં ઝેરોક્ષ મશીન દ્વારા નકલ કરવાની પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ સમયગાળા દરમ્યાન ઝેરોક્ષ વ્યવસાય કરતા ધંધાર્થીઓ અને મશીનધારકોને ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા નહીં તેવા આદેશો આપવામાં આવ્યા છે.આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રોના પરિસર તથા પરીક્ષા ખંડોમાં ગેરરીતિ અને ચોરીઓ અટકાવવા હેતુથી મોબાઈલ ફોન, કેલ્ક્યુલેટર, ડિજિટલ વોચ તેમજ કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ કે ઈલેક્ટ્રોનિક ઉપકરણો તથા સંચાર સાધનો લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

# અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રીમતી રેખાબા સરવૈયા દ્વારા પોરબંદર જિલ્લામાં ડ્રોન ઉપયોગ પર નિયંત્રણ

• વિરમભાઈ કે.આગઠ

પોરબંદર શહેર તથા જિલ્લાના કિટીકલ અને સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સની સુરક્ષા સુનિશ્ચિત કરવા પોરબંદરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રીમતી રેખાબા સરવૈયા દ્વારા ડ્રોન (UAV)ના ઉપયોગ પર નિયંત્રણ મૂકતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા અંતર્ગત પોરબંદર જિલ્લાના કુલ ૨૨ ઝોન પૈકી ૭ વિસ્તારોને રેડ ઝોન અને ૧૫ વિસ્તારોને યલો ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યા છે. ભારતીયનાગરિકસુરક્ષાસંહિતા-૨૦૨૩નીકલમ-૧૬૩હેઠળરેડ ઝોનજાહેરકરાયેલાવિસ્તારોમાંડ્રોનનાઉપયોગપરસંપૂર્ણપ્રતિબંધ મૂકવામાંઆવ્યોછે.જ્યારેયલોઝોનવિસ્તારમાંસક્ષમઅધિકારીની પૂર્વ પરવાનગી વિના ડ્રોનનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત Office of the Director General of Civil Aviation (DGCA) દ્વારા તા. ૨૭/૦૮/૨૦૧૮ના પત્ર ક્રમાંક 05-13/2014-AED-Vol.IV મુજબની જોગવાઈઓનું કડક પાલન કરવા પણ આદેશ આપવામાં આવ્યો છે. આ જાહેરનામું તા. ૨૮/૦૨/૨૦૨૬ સુધી અથવા આગામી હુકમ થાય ત્યાં સુધી અમલમાં રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી સજા કરવામાં આવશે.

# લુણાવાડા પોલીસે ચાઈનીઝ દોરી સાથે એક ઈસમને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી

• વીરભદ્ર સિંહ સિસોદીયા. મહીસાગર

લુણાવાડા તાલુકા પો.સ્ટે. રા.મુ આ.પો વિસ્તારમાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરીનો કેશ શોધી કાઢતી લુણાવાડા તાલુકા પોલીસ .નાયબ પોલીસ મહાનિરીક્ષક આર.વી.અસારી , પંચમહાલ ગોધરા રેન્જ તથા જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસન , મહિસાગર જિલ્લો તથા નાયબ પોલીસ અધિક્ષક કમલેશ વસાવા લુણાવાડા વિભાગ લુણાવાડાનાઓએ મે.જી જિલ્લા મેજી નું જાહેરનામું એમ.એ.જી./ઉતરાયણ/ જાહેરનામું/ વશી/૧૮૪૦/૨૦૨૫ તા-૨૨/૧૨/૨૦૨૫ના જાહેરનામાં ભંગ બદલ પ્રતિબંધીત ચાઈનીઝ દોરી ઉપર રેઈડ કરી અસરકારક કામગિરી કરવા સુચના આપેલ જે સુચના અન્વયે પોલીસ ઈન્સ્પેકટર શ્રી એ.બી.દેવધા નાઓએ લુણાવાડા



તાલુકા પોલીસ સ્ટેશનના કર્મચારીઓને પ્રતિબંધીત ચાઈનીઝ દોરીની હેરા-ફેરી તથા વેચાણ કરતા ઈસમો ઉપર વોચ રાખી રેઈડો કરવા સુચના કરેલ જે સુચના અન્વયે તા-૦૨/૦૧/૨૦૨૬ ના રોજ લુણાવાડા તાલુકા પોલીસ સ્ટેશનના આ.પો.કો. અલ્પેશભાઈ અમુતભાઈ બ.નં.૦૩૬ નાઓને પ્રતિબંધીત ચાઈનીઝ દોરીની બાતમી હકીકત મળેલ કે લુણાવાડા તાલુકા પો.સ્ટેના કોઠા ગામે રોડની સાઈડમા એક ઈસમ કાળા કલરની બેગમા ચાઈનીઝ દોરીની ફીરકીઓ વઈને ઉભેલ છેજે બાતમી હકીકત આધારે નજીકમાથી બે પંચોના માણસો લઈ સદર બાતમીવાળી જગ્યાએ જતા એક ઈસમ રોડ ઉપર હાજર મળી આવેલ જેનુ નામ-ઠામ પુછતા પોતે પોતાનું નામ આશિષકુમાર વિનોદભાઈ જાતે-વાઘરી ઉ.વ.૧૯ હે.હનુમાન વેરી, વરધરી શેડ લુણાવાડા તા-લુણાવાડા જી.મહિસાગર હોવાનું જણાવતો હોય જેની પાસેની કાળા કલરની બેગમાં જોતા ચાઈનીઝ દોરીની ફીરકીઓ (ડટા) નંગ-૦૮ કિ.રૂપિયા,૬૦૦૦/-નો મુદ્દામાલ રાખી .જી જિલ્લા મેજી સાહેબ નાઓનું જાહેરનામું એમ એજી./ઉતરાયણ/ જાહેરનામુ/વશી/૧૮૪૦/૨૦૨૫ તા-૨૨/૧૨/૨૦૨૫નુ ઉલ્લંઘન કરેલ જેના વિરુધ્ધ લુણાવાડા તાલુકા પો.સ્ટે બી પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૮૭૦૧૦૨૬૦૦૦૨/૨૦૨૬ બી.એન.એસ.કલમ-૨૨૩ મુજબ ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે

# પોરબંદર પોલીસ અને જેસીઆઈના સંયુક્ત ઉપક્રમે માર્ગ સલામતી માસ ઉજવણીનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો

## રોડ સેફ્ટી માટે પોલીસ– જેસીઆઈનું સંયુક્ત અભિયાન

• : વિરમભાઈ કે. આગઠ

સમગ્ર રાજ્યમાં ગુજરાત પોલીસ દ્વારા તા.૧ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન માર્ગ સલામતી માસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અનુસંધાને પોરબંદર જિલ્લામાં પણ પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાના માર્ગદર્શન અને સૂચનાથી પોરબંદર પોલીસ હેડક્વાર્ટર ખાતે પોરબંદર પોલીસ અને જેસીઆઈ પોરબંદરના સંયુક્ત ઉપક્રમે માર્ગ સલામતી માસની ઉજવણીનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. આ અવસરે પોરબંદર પોલીસ અને જેસીઆઈ દ્વારા એક મહિના સુધી વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો દ્વારા રોડ સેફ્ટી મંથ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું. જેમાં ટ્રાફિક જાગૃતિ સેમિનાર, માર્ગ અકસ્માત સમયે જરૂરી પ્રાથમિક સારવારની તાલીમ, એસ.ટી., ઓટો તથા સરકારી વાહન ચાલકોના આંખ ચેકઅપ કેમ્પ, જનજાગૃતિ રેલી, બેનર અને પત્રિકા વિતરણ, વાહનોમાં રિફ્લેક્ટર લગાવવાની કામગીરી તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓને માર્ગ સલામતી અંગે માર્ગદર્શન જેવા અનેક કાર્યક્રમો યોજાશે. આ સમગ્ર અભિયાન દરમિયાન પોરબંદરની વિવિધ સામાજિક સંસ્થાઓ અને જ્ઞાતિ સમાજોને પણ માર્ગ સલામતી માટે સહકાર આપવા અપીલ કરવામાં આવી હતી. ટ્રાફિક પોલીસની વાહન રેલી આકર્ષણનું કેન્દ્ર બન્યુ હતું. ઉદ્ઘાટન સમારોહના અંતે પોલીસ વાહનો અને બાઈકમાં શૂસજ્જ થયેલા પોલીસ જવાનોએ શહેરના મુખ્ય માર્ગો પર રેલી યોજી હતી. વિવિધ સ્લોગનવાળા બેનરો દ્વારા માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમોના પાલનનો સંદેશ લોકો સુધી પહોંચાડવામાં આવ્યો હતો. મહાનુભાવોના પ્રાસંગિક ઉદ્બોધન ઉદ્ઘાટન સમારોહમાં જેસીઆઈ પોરબંદરના સ્થાપક પ્રમુખ લાખણશી ગોરાણીયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાએ મીડિયા મારફતે જનતાને માર્ગ સલામતી માસ દરમ્યાન યોજાનારા વિવિધ કાર્યક્રમોની માહિતી આપી અને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરવા અપીલ કરી હતી.



કલેક્ટર એસ.ડી. ધાણાણી, મ્યુનિસિપલ કમિશનર એચ.જે. પ્રજાપતિ, નાયબ પોલીસ અધિક્ષક શ્રીમતી ઋતુ રાબા વગેરેએ પોતાના ઉદ્બોધનમાં રોડ સેફ્ટી બાબતે લોકજાગૃતિ લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટના અનિલભાઈ કારિયા, પદુભાઈ રાયચુરા સહિત વિવિધ સામાજિક સંસ્થાઓના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ એક સ્વરે જણાવ્યું હતું કે ટ્રાફિક અને માર્ગ સલામતીના પ્રશ્નોનું નિરાકરણ પોલીસ અને જનતાના સહિયારા પ્રયાસોથી જ શક્ય બનશે. માત્ર કાયદાના ડરથી નહીં, પરંતુ પોતાની અને અન્યની સલામતી માટે ટ્રાફિક નિયમોનું દિલથી પાલન કરવું જરૂરી છે. આ ઉદ્ઘાટન સમારોહમાં વિવિધ સામાજિક સંસ્થાઓના હોદેદારો, જુદી જુદી જ્ઞાતિના આગેવાનો, પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મિલન પાણખાણીયાએ કર્યું હતું, જ્યારે આભારવિધિ ટ્રાફિક પી.આઈ. એમ.એલ. આહીર દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ટ્રાફિક પી.આઈ. એમ.એલ. આહીર, પી.એસ.આઈ. કે.બી. ચૌહાણ, પી.એસ.આઈ. કે.એન. અઘેરા, ટ્રાફિક પોલીસ ટીમ તેમજ જેસીઆઈ પોરબંદરના પ્રમુખ પ્રતિક લાખાણી અને જેસીઆઈના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

વિકાસ

### રૂપિયા ૫૧૯ લાખના ખર્ચે નિર્માણ થનાર રોડનું ખાતમુહૂર્ત કરાયું

# ઢોંગીઆંબા ગામે અંતરિયાળ ગ્રામ્ય માર્ગોનું નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ દ્વારા ખાતમુહૂર્ત

## ડાંગ જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગના અંતરિયાળ ગ્રામ્ય માર્ગોને મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરતાં શ્રી વિજયભાઈ પટેલ

• આહવા-ડાંગ

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તારીખ ૧ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રી વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલની ઉપસ્થિતમા ઢોંગીઆંબા ગામે ડાંગ જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગના કુલ રૂપિયા ૫૧૯ લાખના ખર્ચે નિર્મિત થનાર અંતરિયાળ વિસ્તારના ૨ ગ્રામ્ય માર્ગોના ખાતમુહર્ત કાર્યક્રમ યોજાયો હતો. ડાંગ જેવા અંતરિયાળ વિસ્તારના ગ્રામ્ય માર્ગોના નવિનિકરણના શ્રુંખલાબધ્ધ કાર્યક્રમો ઉપરાંત પણ હજી બાકી રહી જતાં અંતરિયાળ માર્ગોનું કામ, રાજ્ય સરકાર અગ્રતાના ધોરણે હાથ ધરવા માટે પ્રતિબધ્ધ છે તેમ નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલે પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યુ હતું. ચૂંટણી સમયે લોકો દ્વારા ઢોંગીઆંબા ગામનો આ રસ્તો ન બનવાને કારણે ચૂંટણી બહિષ્કાર કરવામાં આવ્યો હતો, પરંતુ રાજ્યની સંવેદનશીલ સરકાર લોકોની માંગણીને ધ્યાને રાખી છેવાડાના લોકો



સુધી વિકાસ પહોચાડવા પ્રતિબધ્ધ છે. સૌના સહિયારા પ્રયાસો અને સાથ સહયોગથી ડાંગની પ્રાથમિક જરૂરિયાતના તમામ કાર્યો પૂર્ણ કરવાની રાજ્ય સરકારની નેમ વ્યક્ત કરતાં શ્રી પટેલે, ડાંગ જિલ્લાના થઈ રહેલા સર્વાંગિણ વિકાસનો ખ્યાલ આપ્યો હતો. સ્થાનિક લોકો દ્વારા રસ્તાની માંગણીઓને ધ્યાને રાખી સરકારમાં રજુઆત કરી આ તમામ મહત્વના તેમજ લોક ઉપયોગી રસ્તાઓનું ખાતમુહર્ત કરાયું છે. જે રસ્તાઓ સ્થાનિક લોકો માટે ખુબ જ ઉપયોગી સાબિત થશે તેમ વિધાનસભા નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું.

વર્તમાન સરકાર દ્વારા ડાંગ જિલ્લામાં રસ્તા, પાણી, સિંચાઈ, આરોગ્ય, શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરવા માટે તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે તેમ શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું.

પંચાયત માર્ગ અને મકાન વિભાગ હસ્તકના ખાતમુહર્ત થયેલ આ રસ્તાઓમાં ઢોંગીઆંબા ઉપલા ફળીયા ટુ સ્મશાન રોડ ૦/૦ થી ૩/૦ કિમી, જેની વહીવટી મંજૂરીની રકમ ૪૮૦ લાખ, તેમજ રિસરફેસિંગ ઓફ મહાલ વી. એ. રોડ ૦/૦ થી ૧/૦ કિમી, જેની વહીવટી મંજૂરીની રકમ ૩૯ લાખ, જે કુલ રૂપિયા ૫૧૯ લાખના ખર્ચે નિર્માણ થનાર કુલ ૨ રોડનું ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, ગુજરાત પ્રદેશ આદિજાતિ મોરચાના મંત્રી શ્રી સુભાષભાઈ ગાઈન, ભાજપા મહામંત્રી શ્રી રાજુભાઈ ગામિત, સ્થાનિક પદાધિકારીશ્રીઓ સહિત પંચાયત માર્ગ અને મકાન વિભાગના અધિકારીશ્રીઓ તેમજ સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લા પંચાયતના, પંચાયત માર્ગ અને મકાન વિભાગ હસ્તકના આ રસ્તાઓ ગ્રામ્ય વિસ્તારના લોકોને ખુબ જ ઉપયોગી સાબીતરૂપ થશે. તેમજ મુસાફરો માટે સુરક્ષિત તથા આરામ દાયક વાહન વ્યવહાર થઈ શકશે.

### પાંચ ઈસમોને જુગાર રમતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા

# દહેગામના હરસોલી ગામે જુગાર રમતા પાંચ ઝડપાયા: દહેગામ પોલીસે 13,410ના મુદ્દામાલ સાથે નોંધ્યો કેસ

કાર્યવાહી

## કાયદો-વ્યવસ્થાને ખલેલ પહોંચાડનાર તત્વોને કોઈપણ સંજોગોમાં બક્ષવામાં આવશે નહી

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાની દહેગામ પોલીસે હરસોલી ગામે જુગાર રમતા પાંચ ઈસમોને ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે કુલ 13,410નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઘટના 1 જાન્યુઆરી, 2026ના રોજ બની હતી. દહેગામ પોલીસ સ્ટેશનની ટીમે જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી. હરસોલી ગામે આંગણવાડીની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાંથી આ પાંચ ઈસમોને જુગાર રમતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં રોકડ રકમ, દાવ પરની રકમ અને ગંજીપાનાનો સમાવેશ થાય છે. નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ, પોલીસ અધિક્ષક



રવી તેજા વાસમ શેટ્ટી અને દહેગામ વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક આયુષ જૈનની સૂચનાથી જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંકળાયેલા ઈસમો પર સતત નજર રાખવા અને આવી પ્રવૃત્તિઓને નાબૂદ કરવા દહેગામ પોલીસને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સૂચનાઓના આધારે દહેગામ પોલીસ સ્ટેશનના સ્ટાફને સક્રિય પેટ્રોલિંગ અને પરિણામલક્ષી કામગીરી કરવા આદેશ અપાયો હતો. પોલીસ ટીમના કર્મચારીઓ દહેગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી વાહનોમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન અ.પો.કો. પ્રકાશકુમાર રઘુભાઈ (બ.નં. 509) અને આ.પો.કો. પિયુષ પ્રવીણકુમાર (બ.નં. 1288) ને ખાનગી બાતમી મળી હતી. બાતમી મુજબ, હરસોલી ગામે આંગણવાડીની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પૈસા અને પાનાંથી હાર-જીતનો જુગાર રમી રહ્યા હતા. મળેલ બાતમીના આધારે પંચોને સાથે રાખી પોલીસ ટીમે સ્થળ પર રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન જાહેરમાં ગંજીપાનાથી પૈસાની હાર-જીતનો જુગાર રમતા પાંચ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. આરોપીઓની અંગઝડતી કરતા રોકડ રકમ 11,160, દાવ પરની રોકડ રકમ 2,250 અને ગંજીપાના નંગ-52 મળી આવ્યા હતા. આમ, કુલ 13,410નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપીઓમાં ઈન્દ્રસિંહ નટવરસિંહ ચૌહાણ (ઉં.વ. 28), સુરજસિંહ ભારતસિંહ ચૌહાણ (ઉં.વ. 30), મેલસિંહ ઉદેસિંહ સોલંકી (ઉં.વ. 35), નટવરસિંહ ચંદ્રસિંહ ચૌહાણ (ઉં.વ. 45) અને પરબતસિંહ સાલુસિંહ ઝાલા (ઉં.વ. 45)નો સમાવેશ થાય છે. આ તમામ હરસોલી ગામ, તાલુકો દહેગામ, જિલ્લો ગાંધીનગરના રહેવાસી છે. પોલીસે તમામ આરોપીઓ સામે જુગાર ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ સમગ્ર કામગીરી દહેગામ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એન. દેસાઈના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.એફ. ઝાલા તથા સ્ટાફના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી. દહેગામ પોલીસે સ્પષ્ટ જણાવ્યું છે કે તાલુકામાં જુગાર, નશા અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે ભવિષ્યમાં પણ કડક કાર્યવાહી ચાલુ રહેશે. જાહેર શાંતિ અને કાયદો-વ્યવસ્થાને ખલેલ પહોંચાડનાર તત્વોને કોઈપણ સંજોગોમાં બક્ષવામાં આવશે નહીં.

# બાળકના સર્વાંગી વિકાસમાં માતા પિતાની ભૂમિકા : આજના સમયની મહત્વની જવાબદારી

• - પંચાલ ધાર્મિક (પ્રયત્ન થી પ્રગતિ)

આજના ઝડપી અને ટેકનોલોજીભર્યા યુગમાં બાળકનું જીવન માત્ર ભણતર પૂરતું સીમિત રહ્યું નથી. મોબાઈલ, ઈન્ટરનેટ, સ્પર્ધા અને બદલાતી સામાજિક પરિસ્થિતિઓ વચ્ચે બાળકનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવો માતા પિતાની સૌથી મોટી જવાબદારી બની છે. નિષ્ણાતોના મતે, બાળકનું માનસિક, શારીરિક અને નૈતિક સ્વાસ્થ્ય મજબૂત બનાવવા માટે માતા પિતાની ભૂમિકા અત્યંત મહત્વની છે. આજના બાળકો પર અભ્યાસનું દબાણ, સ્પર્ધાત્મક વાતાવરણ અને સામાજિક તુલનાનો પ્રભાવ વધી રહ્યો છે. આવા સમયમાં માતા પિતાએ બાળકની લાગણીઓ સમજવી અને તેની સાથે મિત્રભાવ રાખવો જરૂરી બન્યો છે. બાળક શું વિચારે છે, શું અનુભવે છે અને શું કહેવા માંગે છે. તે ધ્યાનથી સાંભળવું એ સારા સંસ્કારની શરૂઆત છે. શિક્ષણવિદો જણાવે છે કે અતિ કડક શિસ્ત બાળકને ડરપોક અને અંદરથી દબાયેલો બનાવી શકે છે, જ્યારે અતિ છૂટછાટ બાળકમાં જીદ, અહંકાર અને બેદરકારી પેદા કરે છે. તેથી શિસ્ત અને સ્વતંત્રતા વચ્ચે સંતુલન જાળવવું અત્યંત જરૂરી છે. નિયમો સ્પષ્ટ હોવા જોઈએ, પરંતુ તેમાં માનવીય અભિગમ અને સમજ પણ હોવી જોઈએ. મોબાઈલ અને સ્ક્રીન સમય આજના સમયની મોટી ચિંતાનો વિષય બની ગયો છે. લાંબા સમય સુધી મોબાઈલનો ઉપયોગ બાળકના અભ્યાસ, આંખો, ઊંઘ અને વર્તન પર નકારાત્મક અસર કરે છે. માતા પિતાએ બાળક માટે સમયમર્યાદા નક્કી કરી, તેને રમતગમત, વાંચન અને પરિવાર સાથે સમય વિતાવવા પ્રોત્સાહિત કરવો જોઈએ. બાળકના સ્વભાવ ઘડવામાં મૂલ્યો અને સંસ્કારનું મહત્વ અવિરત છે. ઈમાનદારી, આદર, સહાનુભૂતિ, જવાબદારી અને સહકાર જેવા મૂલ્યો બાળક ઘરેથી જ શીખે છે. માતા પિતા પોતે જે વર્તન કરે છે, તે જ બાળક અનુસરે છે. આ વાત આજે પણ એટલી જ સત્ય છે. માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ પણ આજના સમયમાં અનિવાર્ય બની છે. બાળકમાં ચીડિયાપણું, એકલતા, ગુસ્સો કે આત્મવિશ્વાસની કમી દેખાય તો તેને અવગણવું નહીં. જરૂર પડે ત્યારે શિક્ષક અથવા નિષ્ણાતની મદદ લેવો એ પણ સમજદારીનો ભાગ છે. વિશેષજ્ઞોનું કહેવું છે કે બાળકને સતત અન્ય સાથે સરખાવવાથી તેનું આત્મમૂલ્ય ઘટે છે. દરેક બાળક અલગ ક્ષમતાવાળો હોય છે. આ સત્ય સ્વીકારીને તેની શક્તિઓને ઓળખી આગળ વધારવી જોઈએ. અંતમાં, શિક્ષણવિદો સ્પષ્ટ રીતે કહે છે કે આજના યુગમાં સફળતા માત્ર માર્ક્સથી માપી શકાતી નથી. માતા પિતાની સમજ, સમય, પ્રેમ અને માર્ગદર્શનથી જ બાળક સંવેદનશીલ, જવાબદાર અને આત્મવિશ્વાસી નાગરિક બની શકે છે. તેથી બાળકના ભવિષ્ય માટે માતા પિતાની સજાગતા અને સહયોગ આજે સૌથી વધુ જરૂરી છે.

# અંકલેશ્વરમાં ભયાનક અકસ્માત: પાનોલી ઓવરબ્રિજની રેલિંગ તોડી કેમિકલ ટેન્કર નીચે ખાબક્યું



• અંકલેશ્વર

નેશનલ હાઈવે નંબર 48 પર અંકલેશ્વર નજીક આવેલા પાનોલી ઓવરબ્રિજ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કેમિકલ ખાલી કરીને વડોદરા તરફ પરત ફરી રહેલું એક ખાલી ટેન્કર અચાનક બેકાબૂ બનતા બ્રિજની લોખંડની રેલિંગ તોડીને સીધું નીચે ખાબક્યું હતું. સદનસીબે, આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી અને ટેન્કર ચાલકનો આબાદ બચાવ થયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ટેન્કર ચાલકે અકસ્માતની ગંભીરતા પારખીને અત્યંત સમયસૂચકતા વાપરી હતી. ટેન્કર બ્રિજ પરથી નીચે પટકાય તે પહેલાં જ ચાલકે તેમાંથી કૂદીને પોતાનો જીવ બચાવી લીધો હતો. ટેન્કર નીચે પટકાતા જ મોટો અવાજ થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ હાઈવે પોલીસ અને સ્થાનિક પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. ટેન્કર ખાલી હોવાના કારણે મોટી દુર્ઘટના અથવા આગની ઘટના ટળી હતી. પોલીસે ક્રેન દ્વારા ટેન્કરને હટાવવાની અને ટ્રાફિક હળવો કરવાની કામગીરી હાથ ધરી હતી.

# જંબુસરના કાવા ગામે ૫૦ વર્ષીય આધેડે પોતાના જ ઘરે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું




• જંબુસર

જંબુસર તાલુકાના કાવા ગામની નવી વસાહતમાં રહેતા એક ૫૦ વર્ષીય આધેડે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ આ ઘટનાને પગલે વસાહત અને પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ છે. કાવા ગામની નવી વસાહતના રહેવાસી જીતુભાઈ રાઠોડ (ઉં.વ. ૫૦)એ પોતાના મકાનમાં કોઈ અકળ કારણોસર ગળે ફાંસો લગાવી આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તુરંત જ પોલીસને જાણ કરવામાં આવી હતી. જંબુસર પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો અને મૃતદેહને નીચે ઉતારી તેનો કબજો મેળવ્યો હતો. પોલીસે મૃતકના મૃતદેહને પંચનામા બાદ પોસ્ટમોર્ટમ અર્થે જંબુસર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે ખસેડ્યો છે. હાલ જંબુસર પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી, આધેડે કયા સંજોગોમાં અને કયા કારણસર આ અંતિમ પગલું ભર્યું તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### બેન્કિંગ ચાર્જ પણ લાગુ પડતો નથી

# PM સૂર્યઘર યોજનામાં ગુજરાત દેશમાં નંબર-1, સોલાર જોડાણનો આંકડો 5 લાખને પાર

• ગાંધીનગર

ગુજરાતમાં સોલાર જોડાણોનો આંકડો પાંચ લાખને પાર કરી ગયો છે. 2024માં શરુ થયેલી પીએમ સૂર્ય ઘર યોજનામાં ગુજરાત આખા દેશમાં પહેલા સ્થાન પર છે. સમગ્ર ગુજરાતમાં વડોદરા સહિત વિવિધ શહેરો અને ગામડાઓમાં પણ રુફટોપ સોલાર સિસ્ટમ સ્થાપવા માટે લોકોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. જેના કારણે ગુજરાતમાં સોલાર જોડાણો પાંચ લાખ કરતા પણ વધારે છે અને તેના થકી 1879 મેગાવોટ વીજ ઉત્પાદનની ક્ષમતા પ્રાપ્ત થઈ છે. ગુજરાતમાં ઉર્જા વિભાગ દ્વારા વીજ કંપનીઓની



સહાયથી 2027 સુધીમાં 10 લાખ સોલાર જોડાણોનું લક્ષ્ય મૂકવામાં આવ્યું છે અને તેમાંથી 50 ટકા લક્ષ્ય પૂરુ થયું છે. રૂફ ટોપ સોલાર માટે સરકાર દ્વારા લોકોને અત્યાર સુધી 3778 કરોડ રુપિયાની સબસિડી આપવામાં આવી છે. સાથે સાથે હવે રુફટોપ સોલાર ઈન્સ્ટોન્શન માટે 6 કિલોવોટ સુધીની સોલાર રુફટોપ સિસ્ટમ માટે રેગ્યુલેટરી ચાર્જીસ તરીકે 2950 રૂપિયાની સહાય આપવાનું શરુ કરાયું છે અને નેટવર્ક સ્ટ્રેન્ધનિંગ ચાર્જ પણ માફ કરવામાં આવ્યો છે, નેટ મીટરિંગ એગ્રિમેન્ટ કરવાની જરુરિયાતમાંથી પણ મુક્તિ અપાઈ છે. ગુજરાતમાં સોલાર જોડાણો સૌથી વધારે હોવા પાછળનું એક કારણ એ પણ છે કે, સોલાર સિસ્ટમ લગાવવા માટે વીજલોડની મર્યાદા રાખવામાં આવી નથી અને વધારાની વીજળી વેચાણનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે. ઉપરાંત બેન્કિંગ ચાર્જ પણ લાગુ પડતો નથી.

# નરાધમ અલ્તાફહુસેનને આખી જિંદગી જેલના સળિયા પાછળ રહેવું પડશે: ભરૂચ સ્પેશિયલ કોર્ટનો આદેશ

### નક્કર પુરાવાના અભાવે કોર્ટે માતાને નિર્દોષ જાહેર કરી

• ભરૂચ



ભરૂચની સ્પેશિયલ પોક્સો કોર્ટે સગીર બાળકીઓ વિરુદ્ધના અપરાધમાં કાયદાની કડકાઈ બતાવતો મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સગીર દીકરી પર વારંવાર દુષ્કર્મ આચરનાર આરોપી અલ્તાફહુસેન અબ્દુલ રહેમાન દીવાનને કોર્ટે દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે. આ કેસની વિગત મુજબ, આરોપીએ પોતાની પરણિત પ્રેમિકાની સગીર પુત્રીને હવસનો શિકાર બનાવી હતી અને બાદમાં બાળકીને વેચી દેવાનું પણ અધમ કાવતરું રચ્યું હતું.

પીડિત બાળકી લાંબા સમય સુધી ડરના ઓથાર હેઠળ જીવતી હતી, પરંતુ આખરે હિંમત દાખવી તેણે પોતાની ફોઈને આપવીતી જણાવતા સમગ્ર મામલો ૨૪ માર્ચ ૨૦૧૯ના રોજ પોલીસ મથકે પહોંચ્યો હતો. તપાસ દરમિયાન પીડિતાની માતાને પણ આરોપી તરીકે દર્શાવવામાં આવી હતી, પરંતુ નક્કર પુરાવાના અભાવે કોર્ટે માતાને નિર્દોષ જાહેર કરી છે. સરકારી વકીલ પી.બી. પંડ્યાની ધારદાર દલીલો, મેડિકલ રિપોર્ટ્સ અને પીડિતાની જુબાનીને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને સમાજ માટે ખતરો ગણાવી આકરો દંડ અને જેલની સજા સંભળાવી છે.

# હાંસોટના ઈલાવ-બાલોતા માર્ગ પર ગમખ્વાર અકસ્માતઃ પૂરપાટ ઝડપે જતી બાઈક વીજપોલ સાથે અથડાતા યુવક લોહીલુહાણ

હાંસોટ, હાંસોટ તાલુકાના ઈલાવ-બાલોતા ગામને જોડતા માર્ગ પર એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે પસાર થઈ રહેલી મોટરસાયકલ અચાનક રોડ સાઈડના વીજપોલ સાથે ધડાકાભેર અથડાતા ચાલક યુવકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે યુવક ઘટનાસ્થળે જ લોહીલુહાણ હાલતમાં પટકાઈ પડ્યો હતો.

અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને જાણ કરી હતી. ૧૦૮ની ટીમે ઘટનાસ્થળે પહોંચી ઈજાગ્રસ્તને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. ઈજાગ્રસ્ત યુવકની ઓળખ ૨૪ વર્ષીય ભીમકુમાર ચૌધરી (રહે. બિહાર) તરીકે થઈ છે. જાણવા મળતી વિગત મુજબ, ભીમકુમાર ઈલાવ ગામમાં ભાડાના મકાનમાં રહી હાઈ ટેન્શન લાઈનના ટાવર ઊભા કરવાની કામગીરી કરતો હતો.

હાલ હોસ્પિટલમાં યુવકની સ્થિતિ ગંભીર હોવાનું જણાવાઈ રહ્યું છે. અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો અને બાઈક પર કાબૂ ગુમાવવાનું કારણ શું હતું તે દિશામાં હાંસોટ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ભય

### વાહનચાલકો માટે જીવનું જોખમ સાબિત થઈ શકે છે

# અમદાવાદ : સુભાષબ્રિજ બાદ હવે દધીચિ બ્રિજ પણ જોખમી, રોડની સપાટી ઉખડી જતાં લોખંડના સળિયા દેખાયા

**જો સમયસર આ બ્રિજનું સમારકામ કરવામાં નહીં આવે, તો કોઈ મોટી જાનહાનિ થવાની ભીતિ**

• અમદાવાદ



અમદાવાદ શહેરના સુભાષબ્રિજમાં તિરાડો પડવાના વિવાદ બાદ હવે વધુ એક મહત્વના બ્રિજની સુરક્ષા સામે સવાલો ઉઠી રહ્યા છે. વાડજ વિસ્તારને જોડતો 14 વર્ષ જૂનો મહર્ષિ દધીચિ ઓવરબ્રિજ અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. બ્રિજના મધ્ય ભાગમાં રોડનું પડ ઉખડી જવાથી અંદરના લોખંડના સળિયા બહાર આવી ગયા છે, જે વાહનચાલકો માટે જીવનું જોખમ સાબિત થઈ શકે છે. નવાઈની વાત એ છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા માંડ પાંચ મહિના પહેલા જ શહેરના તમામ બ્રિજનું ટેકનિકલ ઈન્સ્પેક્શન કરાવવામાં આવ્યું હતું. તેમ છતાં, દધીચિ બ્રિજની આવી ખખડધજ હાલત કેમ ન દેખાઈ? આ ઘટનાને પગલે નિરીક્ષણ કરનારી કન્સલ્ટન્ટ એજન્સીની કામગીરી અને ચોકસાઈ પર ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિક વાહનચાલકોના જણાવ્યા અનુસાર, બ્રિજ પરથી જ્યારે ભારે વાહનો પસાર થાય છે ત્યારે અસાધારણ ધ્રુજારી (Vibration) અનુભવાય છે. સળિયા દેખાવાની સાથે ઠેર-ઠેર પડેલા ખાડાઓને કારણે અકસ્માતનો ભય સતત મંડરાઈ રહ્યો છે. સુભાષબ્રિજ સમારકામ માટે બંધ હોવાને કારણે હાલમાં મોટાભાગનો ટ્રાફિક દધીચિ બ્રિજ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યો છે. રોજના અંદાજે 1 લાખથી વધુ વાહનચાલકો આ બ્રિજનો ઉપયોગ કરે છે. ટ્રાફિકનું ભારણ વધ્યું હોવા છતાં, બ્રિજ પ્રોજેક્ટ વિભાગે આ ડાયવર્ઝન રૂટની યોગ્ય ચકાસણી કે મરામત કરવાની તસ્દી લીધી નથી. જો સમયસર આ બ્રિજનું સમારકામ કરવામાં નહીં આવે, તો કોઈ મોટી જાનહાનિ થવાની ભીતિ સેવાઈ રહી છે. હવે જોવાનું એ રહેશે કે તંત્ર કોઈ દુર્ઘટનાની રાહ જુએ છે કે તાત્કાલિક પગલાં ભરે છે.

### ૫ વિદ્યાર્થીઓને હેલમેટ ઈનામરૂપે આપવામાં આવ્યા

# મહીસાગરમાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**ડ્રાઈવ યોજાશે** ઝડપથી વાહન ન ચલાવવાની મહત્વતા સમજાવી હતી

• કાનજી ધામોત મહીસાગર



મહીસાગર જિલ્લામાં ARTO કચેરી અને જિલ્લા ટ્રાફિક પોલીસના સંયુક્ત ઉપક્રમે ‘રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૬’ અંતર્ગત ક્રિસ્ટલ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમની અધ્યક્ષતા ASP વિકાસ યાદવે કરી હતી. ASP યાદવે વિદ્યાર્થીઓ અને નાગરિકોને ટ્રાફિક નિયમોનું પાલન, હેલમેટ અને સીટ બેલ્ટના ઉપયોગ તથા ઝડપથી વાહન ન ચલાવવાની મહત્વતા સમજાવી હતી. તેમણે જણાવ્યું કે ભારત સરકાર દ્વારા ૨૦૩૦ સુધીમાં માર્ગ અકસ્માતોમાં ૫૦% ઘટાડાનું લક્ષ્ય નક્કી કરાયું છે. મહીસાગર જિલ્લામાં વર્ષ ૨૦૨૪માં ૯૫ અકસ્માતોમાં ૧૦૩ લોકોના મૃત્યુ થયા હોવાનું તેમણે જણાવ્યું, જેમાં મોટાભાગે દ્વિચક્રી વાહનચાલકો હેલમેટ ન પહેરવાના કારણે મૃત્યુ પામ્યા હતા. કાર્યક્રમ દરમિયાન માર્ગ સલામતી અંગે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિજેતા ૫ વિદ્યાર્થીઓને હેલમેટ ઈનામરૂપે આપવામાં આવ્યા. અંતે તમામે માર્ગ સલામતીના નિયમોનું પાલન કરવાની પ્રતિજ્ઞા લીધી. ઉલ્લેખનીય છે કે “શીખ સે સુરક્ષા, ટેકનોલોજી સે પરિવર્તન” થીમ હેઠળ સમગ્ર જાન્યુઆરી માસ દરમિયાન જિલ્લામાં વિવિધ જાગૃતિ કાર્યક્રમો અને વિશેષ ટ્રાફિક ડ્રાઈવ યોજાશે.

# વાલિયા પોલીસે એક વર્ષથી ફરાર આરોપીને મેરા ગામેથી પકડ્યો

### પ્રોહિબિશન ગુનાનો વોન્ટેડ આરોપી ઝડપાયો

• વાલિયા



વાલિયા પોલીસે પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા એક વર્ષથી ફરાર આરોપી મેહુલભાઈ રમેશભાઈ વસાવાને ઝડપી પાડ્યો છે. ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના મેરા ગામમાંથી તેની ધરપકડ કરવામાં આવી હતી.

આરોપી મેહુલભાઈ વસાવા વાલિયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક ગુનામાં વોન્ટેડ હતો. આ ગુનામાં ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૧૫૧૨ નાની-મોટી બોટલો અને ટીન બિયરની પેટીઓ મળી આવી હતી, જેની કુલ કિંમત ૨,૬૯,૭૬૦ રૂપિયા હતી. આ દારૂ પ્રવિણસિંહ જયસિંહ કરંબીયાના ખેતરના શેઢા પર વેચાણના ઈરાદે સંતાડવામાં આવ્યો હતો.

પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, વોન્ટેડ આરોપી મેહુલભાઈ વસાવા મેરા ગામમાં પોતાના ઘરે હાજર છે. આ માહિતીના આધારે, પોલીસ ટીમે મેરા ગામ પહોંચીને તેના ઘરને કોર્ડન કર્યું અને આરોપીને સફળતાપૂર્વક ઝડપી પાડ્યો હતો.

પૂછપરછ દરમિયાન આરોપીએ પોતાનું નામ મેહુલભાઈ રમેશભાઈ વસાવા (ઉંમર ૨૭, રહે. મેરા લીંબડા ફળિયું, તા. વાલિયા, જિ. ભરૂચ) જણાવ્યું હતું. પોલીસે તેની ધરપકડ કરીને ગુનાના કામે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અંકલેશ્વરમાં અંધશ્રદ્ધાનો ખેલ: પેટના દુખાવાની વિધિના નામે દશામાં બની મહિલાએ વેપારીના 4.44 લાખ ખંખેર્યા

• અંકલેશ્વર



અંકલેશ્વર શહેરમાં દશામાંના નામે મેલીવિદ્યાના બહાને એક શાકભાજીના વેપારી સાથે લાખોની છેતરપિંડી આચરનાર ઠગ મહિલાની ‘એ’ ડિવિઝન પોલીસે ધરપકડ કરી છે. પેટનો દુખાવો મટાડવાની લાલચ આપી શ્રદ્ધાળુ પરિવાર પાસેથી સોનાના દાગીના, રોકડ અને ફર્નિચર મળી કુલ 4.44 લાખની મત્તા પડાવી લેવામાં આવી હતી.

અંકલેશ્વરના ચોર્યાસી ભાગોળ વિસ્તારમાં રહેતા રોહન વસાવા નામના વેપારીને છેલ્લા એક મહિનાથી પેટમાં દુખાવો થતો હતો. આ પીડા દૂર કરવા તે નવા બોરભાઠા ખાતે રહેતા પુષ્પાબહેન વસાવાના ઘરે ગયો હતો. પુષ્પાબહેને પોતે દશામાંનો અવતાર હોવાનો ઢોંગ રચી પરિવારને અંધશ્રદ્ધાની જાળમાં ફસાવ્યો હતો. મેલીવિદ્યા દૂર કરવાના નામે મહિલાએ વેપારીની બે સોનાની ચેઈન અને પાંચ વીંટીઓ કઢાવી લીધી હતી. આટલું જ નહીં, આરોપી મહિલાએ 20,000 રોકડા અને બજાજ ફાઈનાન્સ કાર્ડ પર 15,000નો બેડ પણ પડાવી લીધો હતો.

જ્યારે વેપારીને પોતે છેતરાયા હોવાનો અહેસાસ થયો અને પોતાના દાગીના પરત માંગ્યા, ત્યારે ઠગ મહિલાએ ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. આખરે ભોગ બનનાર યુવકે અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી મહિલાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અંકલેશ્વરમાં તસ્કરો કબાટો ફંફોળ્યા બાદ એરકુલરમાં છુપાવેલા 1.95 લાખના દાગીના ચોરી ફરાર

• અંકલેશ્વર

અંકલેશ્વરના અંદાડા ગામ સ્થિત એક બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ એરકુલરમાં સંતાડેલા લાખોના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. તસ્કરોએ ઘરના લોક તોડી આખા મકાનને ફંફોળ્યું હતું અને અંતે કુલરના સ્ક્રુ ખોલીને અંદર છુપાવેલી મત્તા લઈ રફુચક્કર થઈ ગયા હતા.

અંદાડા ગામના 'આધ્યા હોમ'માં રહેતા સુભાષચંદ્ર ગોહિલ ગત ૩૧ ડિસેમ્બરના રોજ પરિવાર સાથે ભરૂચ ગયા હતા અને ત્યાંથી પોતાની નાઈટશિફ્ટની નોકરી પર દહેજ ગયા હતા. બીજા દિવસે સવારે જ્યારે તેઓ પરત ફર્યા ત્યારે ઘરના મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું જણાયું હતું. તપાસ કરતા જાણવા મળ્યું કે તસ્કરોએ ઉપર અને નીચેના બંને માળે સામાન વેરવિખેર કરી નાખ્યો હતો.

ચોરીની પદ્ધતિ જોઈ પોલીસ પણ આશ્ચર્યમાં મુકાઈ હતી, કારણ કે તસ્કરોએ નીચેના રૂમમાં રાખેલા એરકુલરના સ્ક્રુ ખોલીને તેની અંદર સંતાડેલી લાલ રંગની બેગ શોધી કાઢી હતી. આ બેગમાં ૧૫ ગ્રામ સોનું અને ૧૦ ગ્રામ ચાંદીના કુલ ૧૨ નંગ દાગીના હતા, જેની કિંમત આશરે ૧.૯૫ લાખ રૂપિયા થાય છે. આ મામલે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

### SOG ભરૂચે સુરત ગ્રામ્યમાંથી પકડી કાયદેસર કાર્યવાહી કરી

# ભરૂચ ખાતે ચોરીનો 4 વર્ષથી ફરાર આરોપી શ્યામવીર ઉર્ફે ચમનુ ભૈયા ઝડપાયો

• ભરૂચ



ભરૂચ SOGએ ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી ફરાર આરોપી શ્યામવીર ઉર્ફે ચમનુ ભૈયા શ્રીરામઅવતાર કુસ્વાહાને સુરત ગ્રામ્યમાંથી ઝડપી પાડયો છે. આ આરોપી ભરૂચ શહેર 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં વોન્ટેડ હતો.

SOG ભરૂચને બાતમી મળી હતી કે, આરોપી શ્યામવીર ઉર્ફે ચમનુ ભૈયા હાલ મોસાલી, નવી નગરી ખાતે હનીફભાઈના ભંગારના ગોડાઉન પાસે હાજર છે. આ બાતમીના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન આરોપી મળી આવતા, તેના નામ-ઠામની ખાતરી કરવામાં આવી હતી. ત્યારબાદ આરોપીને ભરૂચ લાવવામાં આવ્યો હતો અને કાયદેસર કાર્યવાહી હેઠળ તેની ધરપકડ કરવામાં આવી હતી.

વધુ તપાસ માટે આરોપીને ભરૂચ શહેર 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. ઝડપાયેલ આરોપી શ્યામવીર ઉર્ફે ચમનુ ભૈયા શ્રીરામઅવતાર કુસ્વાહા મોસાલી, તા. માંગરોળ, જિ. સુરતનો રહેવાસી છે અને મૂળ ઉત્તર પ્રદેશના કન્નૌજ જિલ્લાના ગૌરીયાપુરનો વતની છે.

# નાયબ મામલતદાર મોરીના 8 દિવસના રિમાન્ડ, સરકારી 'બાબુઓ'માં ફફડાટ!

### સુરેન્દ્રનગર જમીન કૌભાંડમાં હવે નવા નવા ખુલાસાઓ થશે

• અશ્વિન ગોહિલ (સુરેન્દ્રનગર)



ઝાલવાડની ધરા પર છેલ્લા કેટલાક સ મ યથી જમીનોના ખેલ ખેલાઈ રહ્યા છે, તેમાં હવે કાયદાનો સકંજો ક સાયો છે. સુરેન્દ્રનગરના ચર્ચિત જ મીન કૌભાંડમાં નાયબ મામલતદાર મોરીની ધરપકડ બાદ કોર્ટે 8 દિવસના રિ માન્ડ મંજૂર કરતા જ વહીવટી તંત્રના ભ્રષ્ટ અધિકારીઓમાં સોંપો પ ડી ગયો છે. આ માત્ર એક ધરપકડ નથી, પણ વર્ષોથી ચાલતા એક 'સુવ્યવસ્થિત' નેક્સસનો પર્દાફાશ છે.

વહીવટદારો અને બાબુઓના નામ ખુલતા ખળભળાટ તપાસ દરમિયાન જે વિગતો બહાર આવી રહી છે તે ચોંકાવનારી છે. નાયબ મા મલતદાર મોરીની પૂછપરછમાં અ નેક 'વહીવટદારો' અને મોટા ગજાના સરકારી બાબુઓના નામ સપાટી પર આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કૌભાંડ કોઈ એક વ્યક્તિનું પાપ નથી, પરંતુ ઉપરથી નીચે સુધી જોડાયેલી એક મજબૂત કડી છે. જેમ જેમ તપાસનો દોર આગળ વધી રહ્યો છે, તેમ તેમ કેટલાક એવા અધિકારીઓ કે જેઓ અત્યાર સુધી પડદા પાછળ રહીને 'લીલા લહેર' કરતા હતા, તેમના નામ પણ ડાયરીઓમાં અને ચેટમાં બહાર આવ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

પોતાનું નામ તો નથી ને? ત પાસ કરવા દોડધામ! જેવા મોરીના રિમાન્ડ મંજૂર થયા અને નામો બહાર આવવાની શરૂઆત થઈ, કે તરત જ ગાંધીનગરથી લઈને સુરેન્દ્રનગર સુધીના અનેક સરકારી બાબુઓ દોડતા થઈ ગયા છે. કોઈ વકીલોની સલાહ લઈ રહ્યું છે. કોઈ તપાસની ફાઈલો ક્યાં પહોંચી તેની વિગતો મેળવવા 'સેટિંગ' કરી રહ્યું છે. કેટલાક બાબુઓ તો આગોતરા જામીન લેવા માટે પણ અંદરખાને પે રવી કરી રહ્યા હોવાની ચર્ચા છે. વ્યવસ્થિત રીતે ચાલતું હતું કૌભાંડ પોલીસ અને તપાસ એજન્સીઓને એવા મજબૂત પુરાવા મળ્યા છે કે આ સમગ્ર કૌભાંડ અત્યંત સુવ્યવસ્થિત (Organized) રીતે ચાલતું હતું. સરકારી રે કોર્ડમાં ચેડા કરવા, ખોટા દસ્તાવેજો ઉભા કરવા અને કિંમતી જમીનો પચાવી પાડવા માટે આખું એક 'સ્ટ્રક્ચર' તૈયાર કર વામાં આવ્યું હતું. વહીવટદારોના મા ધ્ય મથી નાણાંની હેરફેર ક્યાં અને કોને થતી હતી, તેના પુરાવા પણ હવે તપાસ ની શ ટુકડીના હાથે લાગ્યા છે.

અ શ્વિ ન ગોહિલનો સવાલ: શું આ ત પા સ મૂળ સુધી પહોંચશે? કે પછી નાના માછલાઓને પકડીને મોટા મગરમચ્છોને છટકી જ વાનો મોકો આપવામાં આવશે? આ ગામી 8 દિવસના રિમાન્ડ સુરેન્દ્રનગરના મહેસૂલી તંત્ર માટે 'ભારે' સાબિત થવાના છે એ નક્કી છે. જો નિષ્પક્ષ તપાસ થશે તો હજુ અનેક સફેદ કોલરધારીઓના ચહેરા પરથી મહોરા ઉતરી જશે.

**વિરોધ** — શ્રમ વિભાગથી માનવ અધિકાર આયોગ સુધી જવાની તૈયારી

# વાગરાની દહેજ GIDCમાં કર્મચારીઓ પર માનસિક ત્રાસનો ગંભીર વિવાદ

• સૈફ અલી ભટ્ટી વાગરા

વાગરા તાલુકા ની દહેજ GIDCમાં કર્મચારીઓ પર માનસિક ત્રાસનો ગંભીર વિવાદ Continental Carbon Eco Technology Pvt. Ltd.ના Instrument Departmentના કર્મચારીઓએ અંતિમ કાયદેસર નોટિસ પાઠવી 7 દિવસમાં કાર્યવાહી નહીં થાય તો ગાંધીચિન્હીય આંદોલનની ચેતવણી દહેજ GIDC વિસ્તારમાં ગલેન્ડા ગામ નજીક આવેલી Continental Carbon Eco Technology Private Limited કંપનીમાં કાર્યરત Instrument Departmentના કર્મચારીઓ દ્વારા મેનેજમેન્ટ સામે ગંભીર માનસિક ત્રાસ, ધમકી અને શ્રમ કાયદાના ઉલ્લંઘનના આક્ષેપો સાથે અંતિમ કાયદેસર નોટિસ (Final Legal Notice) પાઠવવામાં આવી છે. કર્મચારીઓએ આક્ષેપ કર્યો છે કે Instrument Departmentના મેનેજર શ્રી વિનોદ ઉપાધ્યાય દ્વારા છેલ્લા લાંબા સમયથી સતત માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે. અશોભનીય ભાષા, ઊંચા અવાજે અપમાન, કર્મચારીઓનું માનવ ગૌરવ તોડે તેવી ટિપ્પણીઓ, બળજબરીથી રજા પડાવવી, ઓવરટાઈમ ચૂકવ્યા વિના વધારાનું કામ લેવો અને ભયભીત કરનાર વલણ રોજિંદુ બની ગયું છે.

HR સુધી લેખિત ફરિયાદ છતાં કોઈ કાર્યવાહી નહીં કર્મચારીઓ જણાવે છે કે આ બાબતે અગાઉ Instrument Engineer શ્રી વિવેકભાઈ પટેલ દ્વારા HR Departmentને લેખિત ઈમેઈલ મારફતે ફરિયાદ કરવામાં આવી હતી, જેમાં મેનેજર દ્વારા બોલવામાં આવેલા "I have no need you in department" જેવા અત્યંત અપમાનજનક શબ્દોનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. છતાં, HR Department દ્વારા આજદિન સુધી કોઈપણ પ્રકારની તપાસ કે કાર્યવાહી કરવામાં આવી નથી, જે કંપની મેનેજમેન્ટની ગંભીર બેદરકારી અને મૌન સહમતિ દર્શાવે છે. HR-મેનેજમેન્ટની મિલીભગતનો આરોપ કર્મચારીઓએ વધુમાં જણાવ્યું છે કે અગાઉ પણ HR Departmentના અધિકારી શ્રી લલિતભાઈ પરમારને વિનોદ ઉપાધ્યાય વિરુદ્ધ Instrument Departmentના કર્મચારીઓ દ્વારા મૌખિક ફરિયાદ કરવામાં આવી હતી. પરંતુ HR Department અને શ્રી વિનોદ ઉપાધ્યાય વચ્ચેની સ્પષ્ટ મિલીભગતના કારણે કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી. કર્મચારીઓનો આરોપ છે કે વિનોદ ઉપાધ્યાય, Instrument & Electrical HOD શ્રી દીપકભાઈ પટેલ અને HRના લલિતભાઈ પરમાર મળીને વિભાગમાં તાનાશાહી શાસન ચલાવી રહ્યા છે.

રજા લેશો તો ઈન્ક્રીમેન્ટ નહીં - ખુલ્લી ધમકી ફરિયાદમાં વધુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે Instrument & Electrical HOD શ્રી દીપકભાઈ પટેલ દ્વારા કર્મચારીઓને "રજા લેશો તો ઈન્ક્રીમેન્ટ નહીં આપીએ" જેવી સીધી ધમકીઓ આપવામાં આવી છે. મંજૂર રજા દરમિયાન પણ કર્મચારીઓને ફોન દ્વારા હેરાન કરવામાં આવતા હોવાના ગંભીર આક્ષેપો છે. શિફ્ટ કર્મચારીઓને બળજબરીથી જનરલ શિફ્ટમાં બોલાવવામાં આવે છે અને વધારાના કલાકો કામ લીધા છતાં ન તો ઓવરટાઈમ ચૂકવવામાં આવે છે, ન તો Compensatory Off આપવામાં આવે છે, જે Factories Act, 1948ના ગંભીર ઉલ્લંઘન સમાન છે.

માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર કર્મચારીઓએ ચોંકાવનારો ખુલાસો કર્યો છે કે આ સતત માનસિક ત્રાસના કારણે અનેક કર્મચારીઓ ગંભીર માનસિક તણાવ, ડિપ્રેશન અને કેટલાક કિસ્સાઓમાં આત્મહાનિના વિચારો સુધી પહોંચ્યા છે, જે ભારતીય સંવિધાનની કલમ 21 - જીવન અને માનવ ગૌરવના અધિકારનો સીધો ભંગ છે.

7 દિવસમાં કાર્યવાહી નહીં થાય તો ગાંધીચિન્હીય આંદોલન Instrument Departmentના કર્મચારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો 7 દિવસની અંદર શ્રી વિનોદ ઉપાધ્યાય સામે કાયદેસર, નિષ્પક્ષ અને દંડાત્મક કાર્યવાહી નહીં થાય, તો તેઓ પોતાના પરિવારજનો સાથે કંપનીના ગેટ ઉપર ગાંધીચિન્હીય માર્ગે શાંતિપૂર્ણ આંદોલન કરવા મજબૂર બનશે. આંદોલનથી થનારી કોઈપણ પરિસ્થિતિ માટે સંપૂર્ણ જવાબદારી કંપની મેનેજમેન્ટ, HR Department તથા સંબંધિત અધિકારીઓની રહેશે.

શ્રમ વિભાગથી માનવ અધિકાર આયોગ સુધી જવાની તૈયારી કર્મચારીઓએ આ મામલે શ્રમ આયુક્ત, ફેક્ટરી ઈન્સ્પેક્ટર, પોલીસ વિભાગ, માનવ અધિકાર આયોગ અને લેબર કોર્ટ સુધી કાયદેસર લડત લડવાની તૈયારી જાહેર કરી છે. આ ઘટનાએ દહેજ- ગલેન્ડા ઔદ્યોગિક વિસ્તારમાં કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્ય અને શ્રમિક અધિકારોની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

### સરકાર તાત્કાલિક નવી કચેરી બનાવે તેવી શક્યતા

# ડભોઈ મદદનીશ ખેતી નિયામકની કચેરી બની મોતના સમાન

**સતત** — ગમે ત્યારે સર્જાઈ શકે છે મોટી હોનારત : ભયના ઓથા હેઠળ કામ કરતાં કર્મચારીઓ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ ગુજરાત સરકાર એક તરફ ડિજિટલ ઈન્ડિયા અને આધુનિક કચેરીઓના દાવા કરી રહી છે, ત્યારે બીજી તરફ ડભોઈની મદદનીશ ખેતી નિયામકની કચેરી તંત્રની ઘોર બેદરકારીનો નમૂનો બની રહી છે. વર્ષો જૂની આ કચેરી હાલ જર્જરિત હાલતમાં છે અને છત પરથી સિમેન્ટના પોપડા ઉતરી રહ્યા છે, જેના કારણે અહીં આવતા ખેડૂતો અને કર્મચારીઓના જીવ જોખમમાં મુકાયા છે. ચાર તાલુકાનું કેન્દ્ર, છતાં હાલત કંગાલ આ કચેરી માત્ર ડભોઈ પૂરતી મર્યાદિત નથી. અહીં ડ ભોઈ, શિનોર, વાઘોડિયા અને કરજણ એમ ચાર મ હત્વના તાલુકાના ખેતીવાડીને લગતા કામો થાય છે . રોજના સેંકડો ખેડૂતો પોતાની અરજીઓ અને પ્રશ્નો લઈને અહીં આવે છે, પરંતુ કચેરીની હાલત જો ઈને તેમને ફાળ પડી રહી છે મુખ્ય સમસ્યાઓ જે જીવલેણ બની શકે છે છત પરથી ખરતા પોપડા: ઓફિસમાં બેસવાની જગ્યાએ જ ઉપરથી પોપડા ખરી રહ્યા છે. અનેકવાર ચાલુ કામકાજ દરમિયાન પોપડા પડવાની ઘટનાઓ બની છે દસ્તાવેજોની સુરક્ષા શૂન્ય: ચોમાસા દરમિયાન છત પરથી પાણી ટપકે છે, જેના કારણે ખેડૂતોના મહત્વના રેકોર્ડ અને સરકારી દસ્તાવેજો પલળીને નાશ પામી રહ્યા છે. કચેરી કન્ડમ જાહેર: સ્થાનિક સ્તરે આ આખી ઈમારતને 'કન્ડમ' (વપરાશ માટે અયોગ્ય) માનવામાં આવે છે, છતાંપણ અહીં જીવના જોખમે વહીવટી કામ ચલાવવામાં આ વી રહ્યું છે. રજૂઆતો છતાં તંત્ર ઘોર નિદ્રામાં મ ળતી માહિતી મુજબ, આ કચેરીને નવી બનાવવા માટે અને રિપેરિંગ માટે અધિકારીઓ દ્વારા અનેકવાર લેખિતમાં રજૂઆતો કરવામાં આવી છે. રાજ્યમાં અન્ય ક ચે રીઓ આધુનિક બની રહી છે, પરંતુ ચાર-ચાર તાલુકાના ખેડૂતોની ચિંતા કરતી આ કચેરી માટે સરકાર પાસે હજુ સુધી બજેટ કે સમય નથી તેમ જણાય છે ખેડૂતોની માંગ: 'જો સત્વરે આ કચેરીનું નવું બાંધકામ કરવામાં નહીં આવે, તો કોઈ મોટો અકસ્માત સર્જાશે તેની જવાબદારી કોની રહેશે? સરકાર તાત્કાલિક નવી કચેરી બનાવે તેવી અમારી માંગ છે.'



# નેશનલ સ્કૂલ્સ ચેસ ચેમ્પિયનશિપ-૨૦૨૫માં ગુજરાતના પ્રતિભાશાળી ચેસ ખેલાડીઓ ચમક્યા

### સખત મહેનત અને દ્રઢતા શ્રેષ્ઠતા તરફ દોરી જાય છે

• અમદાવાદ



તાજેતરમાં જ આસામના ગુવાહાટી ખાતે '૧૪મી રાષ્ટ્રીય શાળા ચેસ ચેમ્પિયનશિપ-૨૦૨૬' યોજાઈ હતી. આ ટુર્નામેન્ટમાં ગુજરાતના પ્રતિભાશાળી ચેસ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

અંડર-૧૧ ઓપન કેટેગરીમાં, ધ્યાન પટેલે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું અને સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન તે અપરાજિત રહ્યો અને ૮.૫ પોઈન્ટ મેળવ્યા જેના કારણે તે ગોલ્ડ મેડલ સાથે બોર્ડમાં ટોચ પર રહ્યો.

અંડર-૯ ગર્લ્સ કેટેગરીમાં, પટાવરી આરાધ્યા સૌરભે પણ શાનદાર પ્રદર્શન કર્યું અને ૭ પોઈન્ટ મેળવ્યા જેનાથી તે બોર્ડમાં ચોથા સ્થાને આવી ગઈ.

ગુજરાતની અન્ય ખેલાડીઓ, રિષિત શર્મા (અંડર-૧૫ ઓપન) એ ૭ પોઈન્ટ, અંશ અગ્રવાલ (અંડર-૯ ઓપન) એ ૬.૫ પોઈન્ટ અને યતી અગ્રવાલ (અંડર-૧૩ ગર્લ્સ) એ ૬ પોઈન્ટ મેળવ્યા. તેમણે શાનદાર પ્રદર્શન કર્યું.

તેમના શાનદાર પ્રદર્શનથી રમતમાં ગૌરવ તો આવ્યું જ, સાથે સાથે ગુજરાત રાજ્યના અસંખ્ય ઉત્સાહીઓને પણ પ્રેરણા મળી. દબાણ હેઠળ તેમની વ્યૂહાત્મક પ્રતિભા અને સ્થિતિસ્થાપકતા ચેસની સાચી ભાવનાને પણ પ્રતિબિંબિત કરે છે. તેમણે લીધેલા દરેક પગલા રમત પ્રત્યેના તેમના સમર્પણ, શિસ્ત અને જુસ્સાનો પુરાવો હતા.

તેમણે ગુજરાતના મહત્વાકાંક્ષી ખેલાડીઓ માટે એક ચમકતું ઉદાહરણ સ્થાપિત કર્યું છે, જે સાબિત કરે છે કે સખત મહેનત અને દ્રઢતા શ્રેષ્ઠતા તરફ દોરી જાય છે.

ગુજરાત રાજ્ય ચેસ એસોસિએશન તેમની સિદ્ધિઓની ઉજવણી કરે છે અને તેમની આગળની સફરમાં ઘણી વધુ જીત જોવા માટે આતુર છે. શ્રી દેવ પટેલ (પ્રમુખ, GSCA અને સચિવ, AICF) બધા વિજેતાઓને હૃદયપૂર્વક અભિનંદન આપે છે.

# ખાખીને લાગ્યું લાંછન: વર્ષના પહેલા જ દિવસે કડોદરાનો હેડ કોન્સ્ટેબલ 30 હજારની લાંચ લેતા એ.સી.બી.ના સકંજામાં

• સુરત/કડોદરા

વર્ષ ૨૦૨૬ના પ્રારંભે જ લાંચ રુશ્વત વિરોધી બ્યુરો (ACB) એ સુરત જિલ્લાના કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનના વરેલી બીટમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ શીતલભાઈ નટવરભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૫૦) રૂપિયા ૩૦,૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયો છે.

બનાવની વિગત મુજબ, આ કેસના ફરિયાદી અગાઉ દારૂનો વ્યવસાય કરતા હતા, પરંતુ હા લમાં આ ધંધો બંધ હોવા છતાં હેડ કોન્સ્ટે બલ શીતલ પ્રજાપતિએ તેમની પાસે નાણાં ની માંગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો. જે બાદ નવસારી એ.સી.બી. પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.ડી. રાઠવા અને તેમની ટીમે કડોદરાના અંત્રોલી ગામ પાસે ભૂરી ફળિયાના જાહેર રોડ પર છટકું ગોઠવ્યું હતું. હેડ



કોન્સ્ટેબલે ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી ૩૦,૦૦૦ની લાંચ સ્વીકારતા જ એ.સી.બી.ની ટીમે તેમને મુદ્દામાલ સાથે દબોચી લીધો હતો. આ સમગ્ર કામગીરી સુરત એ.સી.બી.ના મદદનીશ નિયામક આર.આર. ચૌધરીના સુપરવિઝન હેઠળ કરવામાં આવી હતી.

# ગરીબોના આવાસમાં પણ ભ્રષ્ટાચાર: ઘોઘંબા તાલુકા પંચાયતનો કર્મચારી ૨,૦૦૦ની લાંચ લેતા એ.સી.બી.ના સકંજામાં

• ઘોઘંબા/ગોધરા,

પંચમહાલ એ.સી.બી.એ ઘોઘંબા તાલુકા પંચાયત કચેરીમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY-G) હેઠળ લાભાર્થીનો બીજો હપ્તો મંજૂર કરી આપવાના અવેજમાં 'સાહેબના વહેવાર' પેટે ૨,૦૦૦ની લાંચ લેતા કરાર આધારિત કોમ્પ્યુટર ઓપરેટર સોબાન સિરાજ મજીદ બાગવાલા (ઉ.વ. ૩૩) ને ઝડપી પાડવામાં આવ્યો છે.

બનાવની વિગત મુજબ, ફરિયાદીના ફળિયાના એક લાભાર્થીનું વર્ષ ૨૦૨૪-૨૫નું આવાસ મંજૂર થયું હતું અને લિન્ટલ લેવલ સુધીનું કામ પૂર્ણ થયા બાદ બીજો હપ્તો બાકી હતો. આ હપ્તાની પ્રક્રિયા માટે જ્યારે ફરિયાદી જરૂરી ફોર્મ સાથે તાલુકા પંચાયત કચેરી પહોંચ્યા, ત્યારે આરોપી સોબાને ડેટાબુકની ચકાસણી કરી બીજા હપ્તા માટે ૨,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો. જે બાદ એ.સી.બી. પી.આઈ. એચ.પી. કરેણ અને તેમની ટીમે કચેરીના પ્રથમ માળે આવેલી અગાસી પર છટકું ગોઠવ્યું હતું. આરોપીએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચના નાણાં સ્વીકારતા જ એ.સી.બી.એ તેને દબોચી લીધો હતો. આ સમગ્ર કામગીરી મદદનીશ નિયામક બી.એમ. પટેલના સુપરવિઝન હેઠળ કરવામાં આવી હતી.

### રૂપિયા 3.43 લાખનો જથ્થો ઝડપાયો

# ઉત્રાણમાં SMCની રેડ: પાવર હાઉસ પાસે શરાબની મહેફિલ જમાવવાનું આયોજન

• સુરત

સુરત શહેરમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) એ ઉત્રાણ પોલીસ મથકની હદમાં આવેલા પાવર હાઉસની સામેના ખુલ્લા પ્લોટ અને સમતાનગરના રૂમોમાં ઓચિંતો દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં પોલીસને વિવિધ નામી બ્રાન્ડની વિદેશી દારૂ અને બિયરની કુલ ૯૯૫ નંગ બોટલો તથા ટીન મળી આવ્યા હતા, જેની કિંમત ૩,૧૭,૯૬૭/- અંદાજવામાં આવી છે.

પોલીસે સ્થળ પરથી દારૂના જથ્થા ઉપરાંત એક વાહન અને ૪ ફો ન-પે સ્કેનર સહિત કુલ ૩,૪૩,૭૬૭/- નો મુદ્દામા લ સીઝ કર્યો છે. દરોડા દરમિયાન સમતાનગર ખાતે રહેતા પ્રવીણ ઉર્ફે પુષ્પરાજ નાનજીભાઈ કોળી પટેલ ના મના આરોપીને ઝડપી પાડી ઉત્રાણ પોલીસને સોંપવામાં આવ્યો છે. જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય પાંચ શખ્સો - મુકેશ સાઈદાણે, વિનોદ સાઈદાણે, વિશાલ પરમાર, વાહન માલિક અને દારૂ સપ્લાય કરનારને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પકડાયેલા જથ્થામાં બ્લેક લેબલ, બ્લેન્ડર્સ પ્રાઈડ અને રોયલ સ્ટેગ જેવી પ્રીમિયમ બ્રાન્ડનો સમાવેશ થાય છે.



ગરમાવો | AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ ચાલુ કાર્યક્રમમાં કલેક્ટર સહિત તમામ અધિકારીઓનો ઉધડો લીધો

# સાગબારા ખાતે એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલના લોકાર્પણમાં કાર્યક્રમમાં બબાલ

## મંત્રી નરેશ પટેલ, સાંસદ મનસુખ વસાવા ની ઉપસ્થિતિ માં ચૈતર વસાવા એ જાહેરમાં અધિકારી ઓનો ઉડધો લેતા સ્ટેજ પર પોલીસ દોડી આવી

• દિપક જગતાપ, રાજપીપળા

સાગબારા ખાતે એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલના લોકાર્પણમાં કાર્યક્રમમાં બબાલ થઈ હતી. AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ ચાલુ કાર્યક્રમમાં કલેકટર સહિત તમામ અધિકારીઓનો ઉધડો લીધો હતો.મંત્રી નરેશ પટેલ, સાંસદ મનસુખ વસાવા ની ઉપસ્થિતિ માં ચૈતર વસાવા એ જાહેરમાં અધિકારી ઓનો ઉડધો લેતા સ્ટેજ પર પોલીસ દોડી આવી હતી નર્મદા જિલ્લાના સાગબારા ખાતે એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલના લોકાર્પણમાં AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ હાજરી આપી. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે 240ની કેપેસિટી વાળી, 16 ક્લાસરૂમ, લેબોરેટરી, લાઈબ્રેરી સહિત તમામ સુવિધાઓથી સજ્જ સંકુલ બનાવવામાં આવ્યું છે. અહીંયાથી ભણી ગણીને યુવાનો પોતાની કારકિર્દીને આગળ વધારશે, માટે ગુજરાત સરકારના આ સાહસને અમે બિરદાવીએ છીએ. આ કાર્યક્રમમાં સરકારના મંત્રી અને સાંસદ પોતે બેઠા છે તો હું કહેવા માગું છું કે મારા વિસ્તારમાં આટલા મોટા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું પરંતુ કલેક્ટર કે પ્રાંત અધિકારી સહિત કોઈએ મને શા માટે આમંત્રણ આપ્યું નહીં? આ વિસ્તારનો ધારાસભ્ય છું, તેમ છતાં પણ મને કોઈએ ફોન કરીને કે પત્રિકા આપીને જાણ કરી નથી, આ બાબતે ખુલાસો કરવામાં આવે. કારણ કે આ મારું નહીં પરંતુ મારી જનતાનું અપમાન છે. કોઈ પત્રિકામાં મારું નામ છાપે અથવા તો કોઈ તકતીમાં મારું નામ છપાય તો જ હું કાર્યક્રમમાં આવું એવો માણસ નથી. મને મારા એક સરપંચે કહ્યું કે "આટલો મોટો કાર્યક્રમ થઈ રહ્યો છે, માટે તમારે આવવું પડશે" તો એમની વાત સાંભળીને હું આવ્યો છું.



ધારાસભ્ય ચૈતર વસાવાએ કલેકટર સહિતના અધિકારીઓને સવાલ કરતા કહ્યું કે, હું કલેક્ટરને પૂછવા માગું છું કે અમારાથી શું તકલીફ છે? શા માટે અમને આમંત્રણ આપવામાં આવતું નથી? તમારું વહીવટી તંત્ર શું ધંધા કરે છે, એ બધી અમને ખબર છે. હમણાં પ્રધાનમંત્રી મોદી આવ્યા હતા, એમાં અમારા આદિજાતિ વિકાસના કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા. અમે જ્યારે સવાલ પૂછીએ તો ત્યારે તમને નડીએ છીએ? જનતાના ટેક્સના પૈસાનો પગાર મને પણ મળે છે અને તમને પણ મળે છે, કલેક્ટરથી લઈને તલાટી સુધી તમે બધા જનતાના નોકર છો અને અમે સેવક છીએ. અમને અધિકાર આપવામાં આવ્યા છે અને અમે પ્રતિનિધિ છીએ. જનતાના પ્રતિનિધિને શા માટે આ કાર્યક્રમમાં બોલાવવામાં આવ્યા ન હતા? કોઈના કમલમના પૈસાથી આ બિલ્ડીંગ નથી બની. અમે ધારાસભ્ય તરીકે ચૂંટાયા છીએ પરંતુ અમારો અવાજ દબાવવાની કોશિશ કરવામાં આવે છે. આ સમગ્ર ઘટના બાદ ધારાસભ્ય ચૈતર સવારે મીડિયા સમક્ષ વિડિયોના માધ્યમથી પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, એકલવ્ય મોડેલ રેસીડેન્સીલ સ્કૂલ 2013થી સાગબારામાં કાર્યરત હતી અને એની બિલ્ડીંગ અને સંકુલનું કામ બાકી હતું. આજે આદિજાતિ વિકાસ વિભાગ, ભારત સરકાર અને ગુજરાત સરકારના સહયોગથી એનું કામ પૂરું થયું છે, તેના લોકાર્પણમાં આદિજાતિ મંત્રી નરેશ પટેલ, સાંસદ મનસુખભાઈ વસાવા, કલેક્ટર અને અધિકારીઓની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું, આ કામને અમે સહર્ષતાથી વધાવીએ છીએ. આ સંકુલમાં આદિવાસી સમાજના દીકરા દીકરીઓ ખૂબ ભણે અને પોતાની કારકિર્દી બનાવે એવી અમે શુભકામનાઓ પાઠવી છે. કાર્યક્રમ ખૂબ સારો થયો, વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓ રજૂ કરી, અહીંનું વાતાવરણ પણ ખૂબ જ સુંદર છે. તમામ વિદ્યાર્થીઓને ખુબ ખુબ શુભકામનાઓ. વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવા જણાવ્યું હતું કે, મારા મતવિસ્તારમાં આ ગુજરાત સરકારના કાર્યક્રમનું આયોજન થયું હતું છતાં આ કાર્યક્રમમાં જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા મને ફોન સુધ્ધા કરવામાં આવ્યો નથી અને આમંત્રણ પત્રિકા પણ આપવામાં આવી નથી. લોકોએ મને જનપ્રતિનિધિ તરીકે પસંદ કર્યો છે અને મારા મત વિસ્તારમાં આવો કાર્યક્રમ થાય છે પરંતુ મારી અવગણના કરવામાં આવે છે, તો એ મારી અવગણના નથી પરંતુ મારી જનતાની અવગણના છે. અવારનવાર જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ આ પ્રકારની અવગણના કરીને અમને ઉશ્કેરવાનું કામ કરે છે. તક્તિમાં કે કાર્ડમાં મારું નામ નથી એનાથી મને કોઈ ફરક પડતો નથી કારણ કે અમે લોકોના મનમાં અને દિલમાં વસીએ છીએ. અમને જે બંધારણીય અધિકારો મળ્યા છે, તે પ્રમાણે પ્રોટોકોલ જળવાવું જોઈએ, એ મુદ્દે અમે સૂચન પણ કર્યું છે. સરકારના મંત્રીએ અધિકારીઓનું પણ આ બાબતે ધ્યાન દોર્યું છે. આ કાર્યક્રમમાં જે ભૂલ થઈ એ કલેક્ટર અને પ્રાયોજનાની ભૂલ છે અને આવનાર દિવસોમાં અમે ખુલાસો માંગીશું. અમારા સ્વાભિમાન પર કોઈ પણ વાત આવશે તો અમે સહન કરીશું નહીં.

છેવટે મંત્રીએ દરમ્યાનગીરી કરતાં મામલો થાળે પડ્યો હતો

ગણપત યુનિવર્સિટી દ્વારા હિરપુરા (વિજાપુર) ગામે

# NSS અંતર્ગત નિશુલ્ક ફિઝિયોથેરાપી આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

પ્રોત્સાહન | આવનાર દિવસોમાં વધુ આરોગ્ય જાગૃતિના કાર્યક્રમો આયોજન કરવા માટે પ્રોત્સાહિત કર્યા

• હિરપુરા

તાજેતર માં ગણપત યુનિવર્સિટીના સુભદ્રાબેન સુરેશચંદ્ર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી (GUNI-SSIOP) દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અંતર્ગત હિરપુરા ગામ, તાલુકો વિજાપુર, જિલ્લો મહેસાણા ખાતે નિશુલ્ક ફિઝિયોથેરાપી આરોગ્ય જાગૃતિ અને સારવાર કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ બપોરે 12:30 થી સાંજે 4:30 વાગ્યા સુધી યોજાયો હતો અને એ. એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર સાયન્સિસના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો.

કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામ્ય વિસ્તારમાં ફિઝિયોથેરાપી અંગે જાગૃતિ ફેલાવવી, મફત મૂલ્યાંકન અને મૂળભૂત સારવાર પ્રદાન કરવી તેમજ રોગપ્રતિકારક આરોગ્ય સંભાળ અને ઘરઆધારિત કસરતો અંગે માર્ગદર્શન આપવાનો હતો. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ અને વાલીઓને ફિઝિયોથેરાપી શિક્ષણ અને કારકિર્દી અવસરો અંગે માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ કેમ્પમાં 50થી વધુ ગ્રામજનોએ લાભ લીધો. પીઠ, ગરદન અને ઘૂંટણના દુખાવા, પોસ્ચરલ સમસ્યાઓ તેમજ ઉંમર સંબંધિત મસલ્સ અને સાંધાના દુખાવા જેવી સમસ્યાઓ માટે દર્દીઓની તપાસ અને સારવાર કરવામાં આવી. ફેકલ્ટી સભ્યો દ્વારા મફત સલાહ, મૂળભૂત ફિઝિયોથેરાપી સારવાર, ઘરકસરત કાર્યક્રમો અને જીવનશૈલી સુધારણા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. કેમ્પનું સંકલન ડૉ. પેરી પટેલ અને ડૉ. વૈશાલી મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. સાથે જ NSSના 5 વિદ્યાર્થી સ્વયંસેવકોએ નોંધણી, વ્યવસ્થાપન અને આરોગ્ય જાગૃતિ પ્રવૃત્તિઓમાં સક્રિય સહભાગિતા દર્શાવી.

ગ્રામજનો તરફથી કેમ્પને ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો, જે ફિઝિયોથેરાપી પ્રત્યે વધતી જાગૃતિ અને વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. આયોજકોના જણાવ્યા મુજબ, આવી NSS પ્રવૃત્તિઓ સમુદાય આરોગ્ય સુધારણા અને સામાજિક જવાબદારીના ભાવને મજબૂત બનાવે છે. આ પ્રસંગે ગણપત યુનિવર્સિટીના ગ્રુપ પ્રો ચાન્સેલર ડૉ. મહેન્દ્ર શર્મા સાહેબ, સિનિયર પ્રો. વાઈસ ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ ડૉ. આર.કે. પટેલ સાહેબ તથા ફિઝીયોથેરાપી કોલેજના ઈન. પ્રિન્સિપાલ ડૉ. હેમાંગ જાની સાહેબ એ ફેકલ્ટી તેમજ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવીને આવનાર દિવસોમાં વધુ આરોગ્ય જાગૃતિના કાર્યક્રમો આયોજન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.



# કાગડાપીઠ પોલીસ સ્ટેશનના અપહરણ વીથ ખંડણીના ગુનાના ભોગબનનાર તથા આરોપીઓને ઝડપી પડાયા

## શંખેશ્વર ખાતેથી ઝડપી પાડી ભોગબનનારને મુક્ત કરાવતી ક્રાઈમ બ્રાન્ચ

ગઈ તા.૩૦/૧૨/૨૦૨૫ ના કલાક ૧૩/૦૦ વાગ્યાના સુમારે ફરીયાદીના મામાના દિકરા છગનનાથ જોગનાથ રહે. ગામ. પાથાવાડા, તા. દાંતીવાડા, જી. બનાસકાંઠાને અમદાવાદ, ગીતામંદિર બસ સ્ટેન્ડ પાસે રજવાડી ચા ની હોટલ આગળથી ત્રણ અજાણ્યા ઈસમોએ એકબીજાની મદદગારી કરી બળ બજબરીથી રીક્ષામાં બેસાડી તેનુ અપહરણ કરી લઈ જઈ રૂપીયા ચાર લાખની ખંડણી માંગી પૈસા ના આપે તો જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાની હકીકત આધારે ફરીયાદ આપતા કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ 'એ' ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૫૨૫૧૧૦૦/૨૦૨૫ ભારતીય ન્યાય સંહિતા (B.N.S.) ૨૦૨૩ ની કલમ ૧૪૦(૨).૫૪ મુજબ ગુનો નોંધાયેલ. I ક્રાઈમ બ્રાન્ચના ઉપરી અધિકારીશ્રીઓ દ્વારા આપવામાં આવેલ સુચના તથા માર્ગદર્શન મુજબ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા સી.સી. ટી.વી. ફુટેજ, હ્યુમન સોર્સીસ તેમજ ટેકનીકલ સર્વેલન્સ આધારે અનડીટેક્ટ અપહરણનો ગુનો શોધી કાઢવા સારૂ તજવીજ હાથ ધરવામાં આવેલ. આ દરમ્યાન ભોગ બનનાર છગનનાથ જોગનાથનુ અપહરણ આરોપીઓ (૧) હરેશ ચતુરભાઈ ઠાકોર (૨) નરેશ ચતુરભાઈ ઠાકોર (૩) તલાજી વરસંગજી ઠાકોર તમામ રહે. રાજાવીર સોસાયટી, જય અંબે સોસાયટી પાસે. ઠક્કરનગર, અમદાવાદ શહેરે કરેલ હોય અને ભોગ બનનાર છગનનાથ જોગનાથને પોતાના કબજામાં રાખી શંખેશ્વર તાલુકાના ગામ. પીરોજપુરા ખાતે રોકાયેલ હોવાની હકીકત મળેલ. જે હકીકત આધારે શંખેશ્વર તાલુકાના ગામ પીરોજપુરા ખાતે તપાસ કરી ત્રણેય આરોપીઓને પકડી. ભોગ બનનારને મુકત કરાવી. આરોપીઓને અમદાવાદ શહેર. ક્રાઈમ બ્રાન્ચ કચેરી ખાતે લઈ આવી ઉપરોક્ત ગુના સબંધમાં સઘન પુછપરછ કરતા. અપહરણ કરનાર આરોપી હરેશ તથા નરેશના પિતાએ પોતાના પરીવારની આર્થિક પરિસ્થિતિ



સુધારવા તેમજ નડતર દુર કરવા માટે ભોગ બનનારના સસરા પાસે વીધી કરાવેલ. જે વીધીથી કોઈ ફાયદો ન થતા તેમના ઉપર નારાજ હતા. જે વાતને મનમાં રાખી ભોગ બનનારનું અપહરણ કરી પૈસાની માંગણી કરેલ હોવાની આરોપીઓએ કબુલાત કરતા આરોપીઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી ગુનાની તપાસના કામે કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજવીજ કરવામાં આવેલ છે. આરોપીઓના નામ(૧) હરેશ ચતુરભાઈ ઠાકોર ઉ.વ.૨૧ તથા (૨) નરેશ ચતુરભાઈ ઠાકોર ઉ.વ.૨૭ બન્ને રહે. મ.નં.૪૪, રાજાવીર સોસાયટી, જય અંબે સોસાયટી પાસે, ઠક્કરનગર, અમદાવાદ શહેર. મુળ વતન. ગામ. પીરોજપુરા, ઠાકોર વાસ તા.શંખેશ્વર જી. પાટણ. (૩) તલાજી વરસંગજી ઠાકોર ઉ.વ.૪૫ રહે. મ.નં.૧૧૨, રાજાવીર સોસાયટી, જય અંબે સોસાયટી પાસે, ઠક્કરનગર, અમદાવાદ શહેર. મુળ વતન. ગામ. પીરોજપુરા, ઠાકોર વાસ તા.શંખેશ્વર જી. પાટણ શોધાયેલ ગુનોકાગડાપીઠ પો.સ્ટે. પાર્ટ 'એ' ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૫૨૫૧૧૦૦/૨૦૨૫ ભારતીય ન્યાય સંહિતા (B.N.S.) ૨૦૨૩ ની કલમ ૧૪૦(૨),૫૪ મુજબ.

# આમોદ નગરમાંથી પસાર થતા નેશનલ હાઈવે નં ૬૪ ઉપરની તૂટેલી ગટરો વાહનચાલકો અને રાહદારીઓ માટે જોખમરૂપ

• સૈફ અલી ભટ્ટી વાગરા

